
# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૭

## યશોવિજય ચોવીસી અર્થ સહિત



મુનિ અમિતયશ વિ.

|| શ્રી સંભવનાથાય નમઃ ||

|| અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીને નમઃ ||

શ્રી પદ્મ- જીત- હીર- કનક- દેવેન્દ્ર-કંચન-
કલાપૂર્ણસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

# કલાપૂર્ણ સ્વાધ્યાય

## ૧૭

# યશોવિજય ચોવીસી

## અર્થ સહિત

**દિવ્યાશિષ દાતા**

**પ.પૂ. આ. ભ. ગુરૂદેવ શ્રી કલાપૂર્ણ સૂ. મ. સા.**

**શુભાશિષદાતા**

**પ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભ સૂ. મ. સા.**

શ્રી ... જ્ઞાન શાળા
શાસન સમ્રાટ ભવન
ક્રમાંક:
સ્થાન:

**સંપાદક : મુનિ અમિતયશવિજય**

પુસ્તક : યશોવિજય ચોવીસી

આવૃત્તિ પ્રથમ : સં. ૨૦૫૯

દ્વિતીય આવૃત્તિ : સં. ૨૦૬૨.

સહાયક : સેવાભાવી તપસ્વી મુનિ આગમયશ વિ.

નકલ : ૧૦૦૦ મૂલ્ય રૂા. : ૧૦/-

* પ્રકાશન *

શ્રી કલાપૂર્ણ જૈન આરાધક મંડળ-મદ્રાસ

શ્રી શંખેશ્વર કલા જૈન આરાધક મંડળ-શંખેશ્વર.

* પ્રાપ્તિસ્થાન *

મહાવીર જૈન ઉપકરણ ભંડાર

યાત્રિક ભવન ધર્મશાળા પાસે, શંખેશ્વર જી. પાટણ

પાર્શ્વનાથ પુસ્તક ભંડાર

તળેટી રોડ, પાલીતાણા.

આ પુસ્તકનો સંપૂર્ણ લાભ લેનાર
બબલદાસ ડોસજીભાઈ પરીવાર
સ્વ. રશ્મિકાન્ત બી. શાહ
જસલેણીવાળા

આપના પરીવારે કરેલ જ્ઞાન ભક્તિની ખૂબ ખૂબ અનુમોદના ભવિષ્યમાં પણ આપનો પરિવાર ઉત્તરોત્તર જ્ઞાનભક્તિ કરતો રહે એજ મંગલકામના

પ્રેરક મુનિ અમિતયશ વિ.મ.સા.

મુદ્રક :-
પાર્શ્વ કોમ્પ્યુટર ગ્રાફિક
મો. ૯૮૭૯૭૫૫૧૬૪

# પ્રસ્તાવના

પ્રભુના ગુણગાન ગાવાથી આપણને મળેલી જીભ પણ ધન્ય બને છે. મહાપુરૂષોએ આપણને જ્ઞાનનો મહાન ખજાનો આપ્યો છે. એ ખજાનાનો ઉપયોગ આપણા જીવનમાં સુંદર રીતે થવો જોઈએ. આ નાનકડી પુસ્તિકામાં મહોપાધ્યાય શ્રી યશોવિજય ચોવીસી અર્થ સહિત આપવામાં આવી છે. આ પુસ્તકનું સંપાદન પ.પૂ.આ.ભ.શ્રી. કુંદકુંદ સૂ.મ.સા.એ અનુવાદ કરેલું તે પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે. ઘણા ભાવિકોની વારંવાર માંગ હોવાથી આ પુસ્તકનું સંપાદન કરવામાં આવ્યું છે. ચતુર્વિધ સંઘમાં ખૂબ જ ઉપયોગી બને, ભક્તો ભગવાનની ભક્તિમાં તરબોળ બને આ પુસ્તકનું નામ કલાપૂર્ણ સ્વાધ્યાય એટલા માટે જ રાખવામાં આવ્યું છે કે આ ચોવીસીના સ્તવનોને અમારા ગુરૂદેવ વારંવાર યાદ કરતા હતા. પ્રેસાદિ દોષ સુધારીને વાંચવા વિનંતિ.સા. શ્રી કલ્પનંદિતાશ્રીજીએ સુંદર રીતે પ્રૂફ જોઈ આપ્યું છે.

**- મુનિ અમિતયશવિજય**

# બાળ સંસ્કાર ગીત

આ વાત કદી ના ભૂલાય...............................૨
ઊઠી સવારે હાથ જોવાય, ચોવીસ પ્રભુનાં દર્શન કરાય,
પછીથી આઠ નવકાર ગણાય. આ વાત....................૨
નવકારશીએ દાતણ કરાય, ખાતા પીતાં કદી ના બોલાય,
ખાતા પીતાં કદી ના વંચાય. આ વાત...................૨
નાહી ધોઈને દહેરાસર જવાય, ચાંદલો કરી પ્રદક્ષિણા
અપાય, પછીથી પ્રભુની પૂજા કરાય. આ વાત..........૨
પૂજા કરી ગુરૂવંદન કરાય, ટાઈમ હોય તો વ્યાખ્યાન સંભળાય,
લેશન કરી સ્કુલે જવાય. આ વાત.......................૨
રાત્રિ ભોજન કદી ના કરાય, કાંદા બટાકા કદી ના ખવાય,
દ્વિદળ અભક્ષ્ય કદી ના લેવાય. આ વાત................૨
રાત્રે પાઠશાળામાં જવાય, નવાં નવાં સૂત્રો ગોખાય,
સારૂં ભણીને સારા થવાય. આ વાત.........................૨
ટી.વી. વિડિયો કદી ના જોવાય, અપશબ્દો કદીના બોલાય,
[illegible]ઠું ચોરી કદી ના કરાય. આ વાત......................૨
ભાઈ-બહેનોને કદી ના મરાય, મોટા સામું કદી ના બોલાય,
સારાં છોકરા એ જ કહેવાય. આ વાત..................૨
મોટાં થઈને વજસ્વામી બનાય, સાધુ નહીં તો શ્રાવક બનાય,
કુમારપાળ જેવા ધર્મી બનાય, આ વાત................૨

# ચોવીશ તીર્થંકરોનાં લાંછન અને વર્ણ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ઋષભદેવ (આદીશ્વર) | બળદ | કાંચન |
| ૨. | શ્રી અજિતનાથ | હાથી | કાંચન |
| ૩. | શ્રી સંભવનાથ | ઘોડો | કાંચન |
| ૪. | શ્રી અભિનંદનસ્વામી | વાંદરો | કાંચન |
| ૫. | શ્રી સુમતિનાથ | કૌંચપક્ષી | કાંચન |
| ૬. | શ્રી પદ્મપ્રભસ્વામી | કમળ | રાતો |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથ | સાથિયો | કાંચન |
| ૮. | શ્રી ચંદ્રપ્રભસ્વામી | ચંદ્ર | ઉજ્જવળ |
| ૯. | શ્રી સુવિધિનાથ (પુષ્પદંત) | મગરમચ્છ | ઉજ્જવળ |
| ૧૦. | શ્રી શીતલનાથ | શ્રીવચ્છ | કાંચન |
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથ | ગેંડો | કાંચન |
| ૧૨. | શ્રી વાસુપૂજ્યસ્વામી | મહિષ (પાડો) | રાતો |
| ૧૩. | શ્રી વિમલનાથ | વરાહ (ભૂંડ) | કાંચન |
| ૧૪. | શ્રી અનંતનાથ | સીંચાણો | કાંચન |
| ૧૫. | શ્રી ધર્મનાથ | વજ્ર | કાંચન |
| ૧૬. | શ્રી શાંતિનાથ | મૃગ | કાંચન |
| ૧૭. | શ્રી કુંથુનાથ | છાગ (બોકડો) | કાંચન |
| ૧૮. | શ્રી અરનાથ | નંદાવર્ત | કાંચન |
| ૧૯. | શ્રી મલ્લિનાથ | કુંભ | લીલો |
| ૨૦. | શ્રી મુનિસુવ્રતસ્વામી | કાચબો | શ્યામ |
| ૨૧. | શ્રી નેમિનાથ | લીલું કમળ | કાંચન |
| ૨૨. | શ્રી નેમિનાથ (અરિષ્ટનેમિ) | શંખ | શ્યામ |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથ | સર્પ | લીલો |
| ૨૪. | શ્રી મહાવીરસ્વામી (વર્ધમાન સ્વામી) | સિંહ | કાંચન |

# ભાવવાહી સ્તુતિ

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપ-નાશનમ્

દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષ-સાધનમ્.......૧

હે પ્રભુ આનંદ દાતા, જ્ઞાન હમકો દીજિયે,
શીઘ્ર સારે અવગુણો કો, દૂર હમસે કીજીયે,
લીજીયે હમકો શરણ મેં, હમ સદાચારી બને,
બ્રહ્મચારી ધર્મ રક્ષક, વીર વ્રતધારી બને.....૨

સાગર દયાના છો તમે,
કરૂણા તણા ભંડાર છો,
ને પતિતોને તારનારા,
વિશ્વના આધાર છો;
તારે ભરોસે જીવનનૈયા, આજ મેં તરતી મૂકી,
કોટી કોટી વંદન કરૂં,
જિનરાજ તુજ ચરણે ઝુકી........૩

# ચૈત્યવંદન વિધિ

## ખમાસમણ સૂત્ર

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

## ઈરિયાવહીયં સૂત્ર

ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન્! ઈરિયાવહીયં પડિક્કમામિ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં. ઈરિયાવહિયાએ વિરાહણાએ, ગમણા ગમણે, પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉતિંગ, પણગદગ, મટીમક્કડા, સંતાણા, સંકમણે, જેમે જીવા વિરાહિયા, એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં.

## તસ્સ ઉત્તરી કરણેણં સૂત્ર

તસ્સ ઉત્તારી કરણેણં પાયચ્છિત કરણેણં વિસોહીકરણેણં, વિસલ્લી કરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં.

## અન્નત્થ સૂત્ર

અન્નથ ઉસ્સસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ; સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં; એવ માહિએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો; જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ; તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(અહિંયા એક લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો. નમો અરિહંતાણં બોલીને કાઉસ્સગ પારવો. પછી પ્રગટ લોગસ્સ બોલવો.)

# લોગસ્સ સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે, અરિહંતે કિત્તઈસં, ચઉવીસં પિ કેવલી. ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈચ, પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુફદંતં, સીઅલ સિજ્જંસં વાસુપૂજ્જં ચ, વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ૩.કુંથું અરં ચ મલ્લિં વંદે, મુણિસુવ્વયં નમિજિણં ચ, વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુયરયમલા. પહીણજરમરણા, ચઉવીસં પિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા, આરુગ્ગ બોહિલાભં, સમાહિવર મુત્તમં દિંતુ ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ૭.

**આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે. (ત્યારબાદ ૩ ખમાસમણા દઈને બેસીને ડાબો ઘુંટણ ઉંચો કરીને ચૈત્યવંદન કરવું.)**

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્!
ચૈત્યવંદન કરું? ઈચ્છં,
સકલ કુશલવલ્લી-પુષ્પકરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનુઃ કલ્પ વૃક્ષોપમાનઃ
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિ હેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે
પાર્શ્વનાથઃ

## શ્રી સામાન્ય જિન ચૈત્યવંદન

તુજ મુરતિને નિરખવા, મુજ નયણાં તસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરસે ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે ૨
એમ જાણીને સાહિબા એ, નેહ નજર મોહે જોય,
જ્ઞાન વિમલ પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય. ૩

## જંકિંચિ સૂત્ર

જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસ્સે લોએ,
જાઈ જિણ-બિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

ભાવાર્થ :- આ સૂત્ર દ્વારા ત્રણ લોકમાં વિદ્યમાન નામરૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## નમુત્થુણં સૂત્ર

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, આઈગરાણં,
તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં,
પુરિસસીહાણં, પુરિસવર-પુંડરીયાણં,
પુરિસવરગંધહત્થીણં, લોગુત્તમાણં, લોગનાહાણં,
લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં,
અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં,
સરણદયાણં, બોહિદયાણં, ધમ્મદયાણં,
ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં,
ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, અપ્પડિહય-વરનાણ,

દંસણધરાણં, વિયટ્ટછઉમાણં, જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણંમોઅગાણં, સવ્વન્નૂણં સવ્વદરિસીણં શિવમયલ-મરુઅ-મણંત-મકખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિસિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅ ભયાણં, જે અ અઈયાસિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણા ગયે કાલે, સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

ભાવાર્થ : આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજ પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## જાવંતિ ચેઈઆઈ સૂત્ર

(બે હાથ ઉંચા કરીને બોલવું. બહેનોએ હાથ ઉંચા કરવા નહીં.)

જાવંતિ ચેઇ આઈ; ઉદ્ધે અ અહે અ તિરિએ લોએ અ, સવ્વાઈ તાઈ વંદે, ઇહ સંતો તત્થ સંતાઈ.

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

## ઇચ્છામિ ખમાસમણો સૂત્ર

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ
નિસીહિઆએ મત્થએણ વંદામિ.

## જાવંત કેવિસાહૂ સૂત્ર

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ આ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વીજી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું.)

નમોઽર્હત્સિદ્ધાચાર્યો પાધ્યાયસર્વસાધુભ્યઃ

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)

## ઉવસગ્ગહરં સ્તવન

ઉવસગ્ગહરં પાસં, પાસં, વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહર-વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં ॥૧॥
વિસહર-ફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ
તસ્સગહ-રોગ-મારિ-દુટ્ઠ જરા જંતિ ઉવસામં ॥૨॥
ચિટ્ઠઉ દૂરે મંતો, દુજઝ પણામો વિ બહુફલો હોઈ
નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં ॥૩॥
તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણિ-કપ્પપાયવ-બ્ભહિએ
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં ॥૪॥
ઈઅસંથુઓ મહાયસ!ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ
તા દેવ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણ ચંદ ॥૫॥

(બે હાથ ઉંચા કરીને બોલવું બહેનોએ હાથ ઉંચા કરવા નહીં.)

# જયવીયરાય સૂત્ર

જયવીયરાય ! જગગુરુ! હોઇ મમં તુહ પભાવઓ
ભયવં, ભવ નિવ્વેઓ મગ્ગાણુ સારિયા ઈટ્ઠ ફલ સિદ્ધિ ॥૧॥

લોગ-વિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ
સુહ ગુરુ જોગો તવ્વયણ સેવણા આભવમખંડા ॥૨॥

## (બે હાથ નીચે કરીને)

વારિજ્જઇ જઈ વિ, નિયાણબંધણં વીયરાય તુહ
સમએ તહ વિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં ॥૩॥

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ
સંપજ્જઉ મહ એહં તુહ નાહ પણામ કરણેણં ॥૪॥

સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥

ભાવાર્થ :આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે. (પછી ઊભા થઈને)

# અરિહંત ચેઈયાણં સૂત્ર

અરિહંત ચેઈયાણં કરેમિ કાઉસ્સગ્ગં ૧.
વંદણવત્તિઆએ પૂઅણવત્તિયાએ
સક્કારવત્તિયાએ સમ્માણવત્તિયાએ
બોહિલાભવત્તિયાએ નિરુવસગ્ગવત્તિયાએ! ૨.
સદ્ધાએ મેહાએ ધિઈએ ધારણાએ અણુપ્પેહાએ
વઢ્ઢમાણિએ ઠામિ કાઉસ્સગ્ગં. ૩.

ભાવાર્થ : આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

❊ ❊ ❊

# અન્નત્થ સૂત્ર

અન્નથ ઉસ્સસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ પિત્તમુચ્છાએ; સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં; એવ માહિએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો; જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ; તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(એક નવકારનો કાઉસગ્ગ કરવો.કાઉસ્સગ્ગ પારીને નમોઽર્હત સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ કહી થોય કહેવી)

પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત,
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુરનર નારીના વૃંદ.

અને.....છેલ્લે.....
ભાવપૂજાની પૂર્ણાહુતિ કરતાં.........કરતાં......
નીચેની ભાવવાહી સુંદર ભાવના ભાવવી.........

આવ્યો શરણે તમારા જિનવર! કરજો, આશા પૂરી અમારી, નાવ્યો ભવપાર મ્હારો તુમ વિણ જગમાં, સાર લે કોણ મારી ગાયો જિનરાજ! આજે હરખ અધિકથી, પરમ આનંદકારી,

પાયો તુમ દર્શનાસે ભવભય ભ્રમણા, નાથ! સર્વે અમારી.

[ ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગું છું. દેવાધિદેવા, સામું જુઓને સેવક જાણી, એવી ઉદય રત્નની વાણી.

[ જિને ર્ભક્તિ જિને ર્ભક્તિ, જિને ર્ભક્તિ દિને દિને સદાઃ મેડસ્તુ સદા મેડસ્તુ, સદા મેડસ્તુ ભવેભવે.

[અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ
તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ રક્ષ જિનેશ્વર.

# પ્રભુ દર્શન બાદ બોલવાની ભાવના

ભલું થયું અમે પ્રભુ ગુણ ગાયા,
રસનાનો રસ પીધો રે,
રાવણરાયે નાટક કીધું,
અષ્ટાપદ ગિરી ઉપરે રે,
થૈયા થૈયા નાચ કરતા,
તીર્થંકર પદ બાંધ્યું રે,
થાળ ભરી ભરી મોતીડે વધાવો,
પ્રભુજીને ફુલડે વધાવો રે,
દેવચંદ્ર કહે, મારા મનનો,
સકલ મનોરથ સિદ્ધો રે,
આવો જન્મ ફરી-ફરી ને નહીં મળે
મહેરબાની કરી ને આત્મ-સાધનાનું
કાર્ય પછી પર નહીં રાખતાં.
આવી સામગ્રી ફરી-ફરી કયાં મળશે.

નાવડી કિનારે આવવાની તૈયારી માં
ને આપણે પ્રમાદ કરશું ?
આ હું મારા હૃદયની વાત કરું છું.

આ. શ્રી કલાપૂર્ણ સૂરિજી

## ભક્તિ ગીત

રંગ લાગ્યો રંગ લાગ્યો, રંગ લાગ્યો રે,
પ્રભુ તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
અમને લાગ્યો તમને લાગ્યો, સહુને લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
નાનાને લાગ્યો મોટાને લાગ્યો, સહુને લાગ્યો રે,
પ્રભુ તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
જ્ઞાનનો લાગ્યો તપનો લાગ્યો, ભક્તિનો લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
શ્રાવકને લાગ્યો શ્રાવિકાને લાગ્યો, પૂજારીને લાગ્યો રે,

પ્રભુ તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
કચ્છમાં લાગ્યો વાગડમાં લાગ્યો ગુજરાતમાં લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
સાંચોરમાં લાગ્યો અમદાવાદમાં લાગ્યો અંધેરીમાં લાગ્યો રે,
પ્રભુ તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.
રંગ લાગ્યો રંગ લાગ્યો, રંગ લાગ્યો રે,
દાદા તમારી ભક્તિ કેરો, રંગ લાગ્યો રે.

**મુનિ અમિતયશ વિ.**

અંધેરી ચાતુર્માસ
શ્રા.વી. ૬ ૨૦૫૯
શત્રુંજય તપ પારણા દિન

* * *

**૧ : શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન :**

જગજીવન જગવાલહો,
મરૂદેવીનો નંદ લાલ રે,
મુખદીઠે, સુખ ઉપજે,
દરિશન અતિ હિ આનંદ લાલ રે. જગ.૧.

**અર્થ : જગતના જીવનરૂપ, જગતને વહાલા એવા શ્રી ઋષભદેવ પ્રભુ મરૂદેવી માતાના સુપુત્ર છે. તેમનું મુખ જોવાથી સુખ ઉપજે છે અને દર્શન કરવાથી અતિશય આનંદ અનુભવ થાય છે.**

આંખડી અંબુજ પાંખડી,
અષ્ટમી શશિ સમ ભાલ લાલ રે,
વદન તે શારદ ચંદલો,
વાણી અતિ હિ રસાલ લાલ રે. જગ. ૨

**અર્થ : પ્રભુનાં નયન દ્વય કમળની પાંખડી સમાન છે, પ્રભુનું લલાટ અષ્ટમીનાં ચન્દ્ર જેવું છે. પ્રભુનું વદન શરદ ઋતુના પૂર્ણ ચંદ્ર જેવું છે અને તેમની વાણી અત્યંત રસ પેદા કરનારી છે.**

લક્ષણ અંગે વિરાજતાં
અડહિય સહસ ઉદાર લાલ રે,
રેખા કરચરણા-દિકે,
અભ્યંતર નહિ પાર લાલ રે. જગ. ૩

**અર્થ : પ્રભુનાં પુણ્યદેહે એક હજાર ને આઠ ઉત્તમ લક્ષણો શોભે છે. હાથ-પગના તળિયાં પર અનેક પ્રકારની શુભ રેખાઓ હોય છે. આ બધાં તો બાહ્ય લક્ષણો છે. જ્યારે આંતરિક લક્ષણો યાને આત્મિક ગુણોનો તો કોઈ પાર જ નથી.**

ઈન્દ્ર, ચન્દ્ર, રવિ, ગિરિતણા
ગુણ લહી ઘડીયું અંગ લાલ રે,
ભાગ્ય કીહાં થકી આવિયું,
અચરિજ એહ ઉત્તંગ લાલ રે. જગ. ૪

**અર્થ : માની લઈએ કે ઈન્દ્ર, ચન્દ્ર, સૂર્ય અને મેરૂગિરિના ગુણો લઈને પ્રભુનો પુણ્યદેહ ઘડવામાં આવ્યો હોય, પણ આવું ઉત્કૃષ્ટ ભાગ્ય ક્યાંથી આવ્યું? એ મોટું આશ્ચર્ય છે.**

ગુણ સઘળા અંગી કર્યા,
દૂર કર્યા સવિ દોષ લાલ રે,
વાચક યશવિજયે થુણ્યો,
દેજો સુખનો પોષ લાલ રે. જગ. ૫

**અર્થ : એ પ્રભુએ સર્વ ગુણોને સ્વાધીન કર્યા છે, દોષ માત્ર દૂર કર્યા છે. વાચક શ્રી યશોવિજયજી મહારાજે એ પ્રભુને સ્તવ્યા છે. અને પ્રાર્થના કરતાં કહે છે કે હે પ્રભુ! અમારા આત્મિક સુખની પુષ્ટિ કરો.**

## ૨ : શ્રી અજિતનાથ સ્વામીનું સ્તવન :

અજિત જિણંદશું પ્રીતડી,
મુજ ન ગમે હો બીજાનો સંગ કે,
માલતી ફૂલે મોહિયો,
કિમ બેસે હો, બાવળતરુ ભૃંગ કે, અજિત. ૧.

મારી પ્રીતિ શ્રી અજિતનાથ જિનેશ્વરદેવ સાથે બંધાઈ ગઈ છે, એટલે મને બીજા કોઈની સોબત

ગમતી નતી. માલતીનાં મનોહર ફૂલમાં મુગ્ધ બનેલો ભમરો શું બાવળના ઝાડ પર બેસે? ન જ બેસે.

ગંગાજળમાં જે રમ્યા,
કિમ છીલર હો રતિ પામે મરાલ કે,
સરોવર જળધર જળ વિના,
નવિ ચાહે હો જગચાતક બાળ કે. અજિત. ૨.

**(શ્રી જિનવર સાથેની પોતાની પ્રીતના સમર્થનમાં પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે કે) ગંગાના નિર્મળ નીરમાં ગેલ કરનારા રાજહંસને ખાબોચીઆના ગંધાતા પાણીમાં આનંદ આવે ? ન જ આવે વળી ચાતક પંખી, મેઘના જળને બદલે સરોવરનું જળ ચાહે ખરું ? ન જ ચાહે.**

કોકિલ કલ કૂજીત કરે,
પામી મંજરી હો પંજરી સહકાર કે,
ઓછાં તરુવર નવિ ગમે,
ગિરૂઆશું હો હોયે ગુણનો પ્યાર કે. અજિત. ૩.

(પ્રભુ સાથેની પોતાની પ્રીતને દર્શાવતાં પૂ. ઉપાધ્યાયજી મ. ગાય છે કે) કોયલ મનોહર આંબાનો મોર-આમ્રમંજરી ખાઈને મધુર શબ્દ કરે છે, તેને બીજાં વૃક્ષો ગમતાં નથી. ગુણજ્ઞ પુરૂષોને મોટાઓની સાથે જ ગુણાનુરાગ થાય છે.

કમલિની દિનકર કર ગ્રહે,
વળી કુમુદિની હો ધરે ચંદશું પ્રીત કે,
ગૌરી ગિરીશ, ગિરિધર વિના,
નવી ચાહે હો કમલા નિજ ચિત્ત કે. અજિત. ૪

(પ્રભુ સાથે પોતાની પ્રીત કેટલી સ્વાભાવિક છે તે વર્ણવતાં પૂ. ઉપા. ભગવંત કહે છે કે) સૂર્ય વિકાસી કમળ સૂર્યના કિરણોને ગ્રહણ કરે છે અને ચન્દ્ર વિકાસી કુમુદચન્દ્રની સાથે જ પ્રીત ધરાવે છે.

વળી ગૌરી-પાર્વતી શંકર વિના કોઈ ને પણ પોતાના ચિત્તમાં ધારણ કરતી નથી અને કમળા લક્ષ્મી, વિષ્ણુ વિના બીજાને ચિત્તમાં ધારણ કરતી નથી.

તિમ પ્રભુશું મુજ મન રમ્યું,
બીજાશું હો નવિ આવે દાય કે,
શ્રી નય વિજય વિબુધ તણો,
વાચક યશ હો નિત-નિત ગુણ ગાય કે અજિત. ૫.

**તે પ્રમાણે મારું મન પ્રભુ સાથે મળ્યું છે. તેને બીજાની સાથે મેળ આવતો જ નથી. તેથી શ્રી નયવિજય પંડિતના શિષ્ય ઉ. શ્રી યશોવિજયજી મ. નિરંતર તે પ્રભુના ગુણ ગાય છે.**

## : શ્રી સંભવનાથ સ્વામીનું સ્તવન :

સંભવ જિનવર વિનતિ,
અવધારો ગુણજ્ઞાતા રે,
ખામી નહિ મુજ ખીજમતે,
કદી ય હોશો ફળદાતા રે. ૧

હે ગુણના જ્ઞાતા શ્રી સંભવનાથ જિનેશ્વર દેવ! મારી એક અરજ સાંભળો, આપની જે સેવા ચાકરી હું કરું છું તેમાં કોઈ ખામી નથી તો આપ ક્યારે ફળ આપનારા થશો?

કર જોડી ઉભો રહું,
રાત-દિવસ તુમ ધ્યાને રે,
જો મનમાં આણો નહિ,
તો શું કહીએ થાને રે. સંભવ ૨.

**હું દિવસ અને રાત બે હાથ જોડીને આપના ધ્યાનમાં ઊભો છું, એ હકીકત આપ ધ્યાન ઉપર ન લો તો આપને મારે શું કહેવું?**

ખોટ ખજાને કો નહિ,
દીજીએ વાંછિત દાનો રે,
કરુણા નજર પ્રભુજી તણી,
વાધે સેવક વાનો રે.સંભવ. ૩.

**આપના ખજાનામાં કોઈ જાતની ખોટ નથી. તો ઈચ્છિત વસ્તુનું દાન આપો. જો પ્રભુની કૃપાદૃષ્ટિ હોય તો જ સેવકનો વાન-આત્મિક તેજ વધે છે. એવો નિયમ છે.**

કાળલબ્ધિ મુજ મતિ ગણો,
ભાવલબ્ધિ તુમ હાથે રે,
લડથડતું પણ ગજ બચ્ચું,
ગાજે ગયવર સાથે રે. સંભવ. ૪.

**હે નાથ! અત્યારે કાળલબ્ધિ (મોક્ષગમનને યોગ્ય કાળ) નથી, એમ તમે ન ગણશો, કેમ કે ભાવલબ્ધિ (મોક્ષગમન યોગ્ય આત્મશક્તિ આપને પ્રગટ થયેલી છે. એમાંથી જરૂર જેટલી શક્તિ મને આપવી તે) આપના હાથમાં છે. અથવા કાળલબ્ધિનો પરિપાક આપની ભક્તિને આધીન છે. મોટો હાથી સાથે હોય છે તો, માંડ માંડ ચાલી શકતું હાથીનું બચ્ચું પણ ગજબનું જોર બતાવતું હોય છે.**

દેશો તો તુમ હિ ભલું,
બીજા તો નવિ જાચું રે,
વાચક યશ કહે સાંઈશું,
ફળશે એ મુજ સાચું રે, સંભવ. ૫.

હે કૃપાનિધાન! હું જે ઉત્તમ વસ્તુ યાચું છું, તે જો આપ આપશો તો જ મારે જોઈએ છે. પણ બીજા પાસે હું તેની યાચના કરવાનો નથી.

## : શ્રી અભિનંદન સ્વામિનું સ્તવન :

દીઠી હો પ્રભુ ! દીઠી જગગુરૂ ! તુજ,
મૂરતિ હો પ્રભુ! મૂરતિ મોહન વેલડીજી,
મીઠી હો પ્રભુ ! મીઠી તાહરી વાણ,
લાગે હો પ્રભુ ! લાગે જેસી સેલડીજી. દીઠી હો. ૧.

**હે પ્રભુ ! હે જગગુરૂ ! મેં આપની મૂર્તિ જોઈ. તો તે મને સાક્ષાત્ મોહનવેલ જેવી લાગી.**

**અને આપની વાણી હે પ્રભુ! મને શેરડીના રસ જેવી મીઠી લાગી.**

જાણું હો પ્રભુ! જાણું જન્મ કયત્થ,
જો હું હો પ્રભુ ! જો હું તુમ સાથે મિલ્યોજી,
સુર-મણિ હો પ્રભુ ! સુરમણિ પામ્યો હત્થ,
આંગણે હો પ્રભુ ! આંગણે મુજ સુરતરૂ,
ફળ્યોજી દીઠી હો. ૨.

હે પ્રભુ ! તમને મળવાથી હું તમારા સ્વરૂપને પામી ગયો. અભેદ ભાવે તમારી સાથે મળી ગયો. તેથી હું મારા જન્મને કૃતાર્થ માનું છું.

હે પ્રભુ ! તમે મને મળવાથી મારા હાથમાં ચિંતા મણિ-રત્ન આવ્યું છે અને મારા ઘરના આંગણામાં કલ્પવૃક્ષ ફળ્યું છે, એમ હું માનું છું.

જાગ્યા હો પ્રભુ ! જાગ્યા પુણ્ય અંકુર,
માગ્યા હો પ્રભુ ! મુહ માગ્યા પાસા ઢળ્યા જી,
વૂઠ્યા હો પ્રભુ ! વૂઠ્યા અમીરસ મેહ,
નાઠા હો પ્રભુ ! નાઠા અશુભ, શુભ દીન
વળ્યાજી. દીઠી હો. ૩

હે પ્રભુ ! આપ મળવાથી મારા પુણ્યના અંકુર પ્રગટ થયા, બધા પાસા સવળા પડ્યા. મારે ત્યાં અમૃતરસ મેઘ વરસ્યા. મારા બધા નબળા દિવસો દૂર થયા અને મારા શુભ દિવસો ઉદયમાં આવ્યા, એમ હું માનું છું.

ભૂખ્યા હો પ્રભુ ! ભૂખ્યા મળ્યા ઘૃતપૂર,
તરસ્યા હો પ્રભુ ! તરસ્યા દિવ્ય ઉદક મિલ્યા જી,
થાક્યા હો પ્રભુ ! થાક્યા મળ્યા સુખપાલ,
ચાહતાં હો પ્રભુ ! ચાહતાં સજ્જન હેજે,
હળ્યાજી દીઠી હો. ૪

**હે પ્રભુ ! આપ મળવાથી ભૂખ્યાને ઘેબર મળતાં, તરસ્યાને અમૃત મળતાં, થાકેલાને પાલખી મળતાં અને સ્વજનોને મળવાને આતુર માણસને સ્વજનો હેતપૂર્વક મળતાં, જે આનંદ થાય તેવો આનંદ મને થયો છે.**

દીવો હો પ્રભુ ! દીવો નિશા, વન ગેહ,
સાખી હો પ્રભુ ! સાખી થળે, જળે નૌ મળીજી,
કલિયુગે હો પ્રભુ ! કલિયુગે દુલ્લહો તુજ,
દરિશન હો પ્રભુ ! દરિશન લહ્યું આશા
ફળીજી, દીઠી હો. ૫

**હે પ્રભુ ! માણસને અંધારી રાતે દીવાનો પ્રકાશ મળે, ઘોર જંગલમાં ઘર મળે, રણની ભૂમિમાં આંબો મળે, જળમાં નૌકા મળે અને જે આલ્હાદ થાય તેવો આલ્હાદ મને આ કળીયુગમાં દુર્લભ એવું આપનું દર્શન મળ્યું તેથી થયો છે.**

વાચક હો પ્રભુ ! વાચક યશ તુમ દાસ,
વિનવે હો પ્રભુ ! વિનવે અભિનંદન સુણોજી.
કહી (દી)એ હો પ્રભુ ! કહીએ મ દેશો છેહ,
દેજો હો પ્રભુ ! દેજો સુખ દરિશન તણોજી,
દીઠી હો. ૬

**હે અભિનંદન પ્રભુ ! આપ સાંભળો. આપનો દાસ યશોવિજય આપને એ પ્રમાણે વિનવે છે કે હવે મને ક્યારેય છેહ ન દેશો. અને સદાકાળ આપના દરિશનનું સુખ આપજો, અર્થાત્ ક્ષાયિક સમક્તિનું દાન કરજો.**

## : શ્રી સુમતિનાથ સ્વામીનું સ્તવન :

સુમતિનાથ ગુણ શું મિલીજી,
વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જેમ વિસ્તરેજી,
જળમાંહે ભલી રીતિ,
સોભાગી જિનશું લાગ્યો અવિહડરંગ. સોભાગી. ૧

**જળમાં વિસ્તરતા તેલબિંદુની જેમ, શ્રી સુમતિનાથ પ્રભુના ગુણોમાં લીન થયેલા મારા મનમાં એ પ્રભુ પ્રત્યેની પ્રીતિ ઉત્તરોત્તર વધતી જાય છે.**

**કહો કે મને-મારી અસ્મિતાના અણુએ અણુમાં પરમ સૌભાગ્યવંતા એ શ્રી જિનેશ્વરદેવના પ્રેમનો અવિહડ રંગ લાગ્યો છે.**

સજ્જનશું જે પ્રીતડીજી,
છાની તે ન રખાય,
પરિમલ કસ્તૂરી તણોજી,
મહીમાંહે મહકાય. સોભાગી. ૨

**કસ્તુરીની સુગંધ વાતાવરણમાં સર્વત્ર ફેલાઈ જાય છે, તેમ સજ્જન સાથેની પ્રીત પણ છાની રાખી શકાતી નથી.**

આંગળીએ નવિ મેરૂ ઢંકાએ,
છાબડીએ રવિ-તેજ,
અંજળિમાં જીમ ગંગ ન માએ,
મુજ મન તિમ પ્રભુ હેજ. સોભાગી. ૩

**જેમ આંગળી વડે મેરૂ પર્વત ઢાંકી શકાતો નથી, છાબડી આડી ધરવાથી સૂર્યના તેજને ઢાંકી શકાતું નથી. ખોબામાં ગંગાનું જળ સમાઈ શકતું નથી, તેમ મારા મનમાં પણ પ્રભુ પ્રત્યેનો સ્નેહ સમાઈ શકતો નથી.**

હુઓ છીપે નહિ અધર અરૂણ જિમ,
ખાતાં પાન સુરંગ,
પીવત ભરભર પ્રભુગુણ-પ્યાલા,
તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી. ૪

**સુરંગી (કાથો-ચૂનો ચોપડેલ) નાગરવેલનું પાન ખાતાં જેમ હોઠની લાલાશ છાની રહી શકતી નથી, તેવી જ મારા પ્રેમની સ્થિતિ છે.**

**પ્રભુના ગુણરૂપ રસના પ્યાલા ભરી-ભરીને પીવાથી મારો પ્રભુપ્રેમ-અભંગ-ન ખૂટે એવો થયો છે.**

ઢાંકી ઈક્ષુ પરાળશું જી,
ન રહે લહી વિસ્તાર,
વાચક યશ કહે પ્રભુ તણોજી,
તિમ મુજ પ્રેમ-પ્રકાર સોભાગી. ૫.

વિસ્તારને પામેલી શેરડી જેમ પોતાના ઉપર ઉગેલા પાંદડાંને લીધે ગુપ્ત રહેતી નથી, તેમ પ્રભુ ઉપરનાં મારા પ્રેમનો પ્રકાર પણ એવો છે, એમ શ્રી યશોવિજયજી મહારાજ કહે છે.

## : શ્રી પદ્મપ્રભ સ્વામીનું સ્તવન :

પદ્મ પ્રભ જિન જઈ અળગા રહ્યા,
જિહાંથી નાવે લેખોજી,

કાગળને મસી તિહાં નવિ સંપજે,
ન ચલે વાટ વિશેષોજી,
સુગુણ સનેહા રે કદીય ન વિસરે. ૧

**શ્રી પદ્મપ્રભ જિનેશ્વરદેવ અહીંથી દૂર જઈને વસ્યા છે. ત્યાંથી પત્ર આવતો નથી. કાગળ અને શાહી ત્યાં મળતા નથી. સીધા ત્યાં જવા માટે અહીં વર્તમાનકાળે કોઈ વિશિષ્ટ માર્ગ પણ નથી. આ રીતે સ્નેહીજનો દૂર રહ્યા હોય તો પણ સુંદર ગુણોવાળા એ સ્નેહીજનો ક્યારેય પણ વિસરાતા નથી. મનથી ભૂલાતા નથી.**

ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહિ,
જેહ કહે સંદેશોજી.
જેહનું મિલવું દોહિલું તેહશું,
નેહ તે આપ કિલેશોજી. સુગુણ. ૨

**અહીંથી ત્યાં જઈને કોઈ પાછું આવતું નથી, કે ત્યાંના સમાચાર આપી શકે. જેમનો મેળાપ થવો દુર્લભ છે, તેમની સાથે સ્નેહ રાખવો તે પોતાને દુ:ખરૂપ છે.**

વીતરાગશું રે રાગ તે એક પખો,
કીજે કવણ પ્રકારોજી,
ઘોડો દોડે રે સાહેબ વાજમાં,
મન નાણે અસવારોજી, સુગુણ. ૩

**શ્રી વીતરાગ પરમાત્મા સાથે એક પક્ષીય રાગ કેવી રીતે કરવો ? માલિકની લગામ અનુસાર ઘોડો વેગમાં દોડ્યા કરે, પણ તેના ઉપર સ્વારી કરનાર તે વાત મનમાંએ ન લાવે (એ કેવું?)**

સાચી ભક્તિ રે ભાવના રસ કહ્યો,
રસ હોય તિહાં દોય રીઝેજી,
હોડા હોડે રે બીહું રસ રીઝથી,
મનના મનોરથ સીઝેજી. સગુણ. ૪.

**પ્રભુના સ્વરૂપની વિચારણારૂપ ભાવના રસને જ સાચી ભક્તિ કહી છે. જ્યાં રસ હોય ત્યાં બંને રીઝે છે. (એટલે હું રીઝું અને પ્રભુ ન રીઝે એમ ન બનવું જોઈએ) એવી સ્પર્ધાથી જ એકબીજાના રસની રીઝથી જ મનના મનોરથો સિદ્ધ થાય છે.**

પણ ગુણવંતા રે ગોઠે ગાજીએ,
મ્હોટા તે વિશ્રામજી,
વાચક યશ કહે એહી જ આશરે,
સુખ લહું ઠામોઠામજી. સગુણ. ૫

**પણ ગુણવાનની સોબતથી હું ગાજું છું કારણ કે મહાપુરુષો વિશ્રાંતિના સ્થાનરૂપ હોય છે.**

**પૂ. શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે એ જ પ્રભુના આશ્રયથી હું ઠેર-ઠેર સુખ અનુભવું છું.**

## : શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન :

શ્રી સુપાસ જિનરાજ !
તું ત્રિભુવન શિરતાજ,
આજ હો રાજે રે ઠકુરાઈ,
પ્રભુ તુજ પદતણીજી. શ્રી સુપાસ. ૧

**હે શ્રી સુપાર્શ્વ જિનેશ્વરદેવ ! આપ ત્રણ ભુવનના મસ્તકનાં મુકુટરૂપ છો.**

**હે પ્રભુ ! આપના તીર્થંકર પદનું ઐશ્વર્ય આજેય મારા દિલ તથા દુનિયામાં દીપી રહ્યું છે.**

દિવ્ય ધ્વનિ સુર ફુલ,
ચામર, છત્ર, અમૂલ,
આજ હો રાજે રે ભામંડલ,
ગાજે દુંદુભિજી. શ્રી સુપાસ. ૨

**(જુઓ-જુઓ ! સમવસરણમાં બિરાજેલા શ્રી તીર્થંકર પરમાત્માને જુઓ અને જન્મ સાર્થક કરો.**

**એ ત્રિભુવનપતિના મહા મહિમાને દશે દિશામાં બુલંદ કરતાં પ્રતિહાર્યો તો જુઓ !)**

**દિવ્ય ધ્વનિ, દેવોએ વરસાવેલાં પુષ્પો, ચામર, ત્રણ છત્ર, ભામંડલ અને દુંદુભિ એ છ પ્રાતિહાર્યો પ્રભુની પ્રભુતાના પ્રભાવે કેવાં શોભી રહ્યા છે.**

સિંહાસન અશોક, બેઠા મોહે લોક,
આજ હો રાજે રે દીવાજે.
છાજે આઠશું જી, શ્રી સુપાસ. ૩

**બીજી ગાથામાં છ પ્રાતિહાર્યોનો ઉલ્લેખ છે. જેનો સળંગ ભાવાર્થ પાંચેય ગાથાઓ પછી રજુ કર્યો છે.**

અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર,
આજ હો કીધા રે, ઓગણીસે,
સુરગુણ ભાસુરેજી. શ્રી સુપાસ. ૪.

શ્રી તીર્થંકર પરમાત્માને જન્મથી ચાર અતિશય હોય છે. ઘાતી કર્મોનો ક્ષય થવાથી બીજા અગ્યાર અતિશય ઉત્પન્ન થાય છે અને વિનયવંત દેવો ૧૯ અતિશય સર્જે છે. આમ કુલ ૩૪ અતિશય વડે જગદીશ્વરં શ્રી જિનરાજ શોભતા હોય છે.

અતિશય એટલે લૌકિક કોઈપણ પુરુષ કરતાં પ્રભુમાં જે બાહ્ય અપ્રતિમ શક્તિ વર્તે છે તે શક્તિ સમજવી.

અતિશાયી ગુણ એટલે એક માત્ર શ્રી તીર્થંકર પરમાત્મામાં રહેલા વિશિષ્ટતમ ગુણ એવો અર્થ પણ હોઈ શકે.

વાણી ગુણ પાંત્રીશ,
પ્રાતિહારજ જગદીશ,
આજ હો સ્વામી રે શિવગામી,
વાચક યશ થુણ્યોજી, શ્રી સુપાસ. ૫

**પ્રભુની વાણી ૩૫ ગુણયુક્ત હોય છે. ઉપર કહ્યા તે આઠ પ્રાતિહાર્યની શોભા માત્ર પ્રભુને જ હોય છે. આવા પરમ તારક શિવપદગામી શ્રી તીર્થંકર પરમાત્માની સ્તવના કરતાં હું મને ધન્યભાગ્ય સમજું છું.**

## : શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન :

ચંદ્રપ્રભ જિન સાહેબા રે,
તુમે છો ચતુર સુજાણ મનના માન્યા,
સેવા જાણો દાસની રે,
દેશો પદ નિર્વાણ, મનના માન્યા,
આવો આવો રે ચતુર સુખભોગી,
કીજે વાત એકાંત અભોગી,
ગુણ ગોઠે પ્રકટે પ્રેમ. મનના માન્યા. ૧

**હે ચંદ્રપ્રભ જિનેશ્વર દેવ ! હે સાહેબા ! આપ ચતુર છો સુજાણ છો અને મનને પ્રિય છો. દાસની કરેલી સેવા જાણો છો અને તેથી આપ મોક્ષપદ આપશો જ એવી મને ખાત્રી છે.**

**હે ચતુર અને સુખભોગી પ્રભુ ! આવો, આવો આપણે એકાંતમાં આત્માની વાતો કરીએ. કારણ કે એ પ્રકારે ગુણની ગોષ્ઠિ કરવાથી પ્રેમ પ્રકટે છે.**

ઓછું અધિકું પણ કહે રે,
આસંગાયત જેહ, મનના માન્યા,
આપે ફળ જે અણ કહે રે,
ગિરુઓ સાહેબ તેહ, મનના માન્યા આવો. ૨

**મનના માનીતા હે માલિક ! જે બહુ હળી મળી ગયેલ હોય તે (બાળક જેમ માતાપિતાને કહે તેમ) ઓછું-વધતું કહે એ બનવાજોગ છે.**

**મોટા પુરુષ તે જ કહેવાય છે કે જે કહ્યા વિના ફળ આપે.**

દીન કહ્યા વિણ દાનથી રે,
દાતાની વાધે મામ, મનના માન્યા,
જળ દીએ ચાતક ખીજવી રે,
મેઘ હુઓ તિણે શ્યામ, મનના માન્યા આવો. ૩

**અમે દીન-ગરીબ છીએ એમ કહેવરાવ્યા વિના, દાન આપવાથી દાનનો મહિમા વધે છે.**

**બાકી તો ચાતકને ખીજવી પજવીને મેઘ જળ તો આપે છે, પણ તેથી મેઘની શોભા ઘટી છે, તે શ્યામ થઈ ગયો છે.**

પીઉ પીઉ, કરી તુમને જપું રે,
હું ચાતક તુમ મેહ, મનના માન્યા,
એક લહેરમાં દુઃખ હરો રે,
વાધે બમણો નેહ, મનના માન્યા આવો. ૪

**હે મનમાન્યા માલિક ! પીઉ-પીઉ, શબ્દો વડે તમારો જાપ હું જપું છું.**

**હું ચાતક છું, તમે મેઘ છો. તો તરત મારાં દુઃખ દૂર કરો જેથી આપણો સ્નેહ બમણો થઈ જાય.**

મોડું વહેલું આપવું રે,
તો શી ઢીલ કરાય ? મનના માન્યા,

વાચક યશ કહે જગધણી રે,
તુમ તુઠે સુખ થાય, મનના માન્યા આવો. ૫

**હે પ્રભુ ! જો મોક્ષરૂપી ફળ, વહેલું મોડું આપે આપવાનું જ છે, તો વિલંબ શા માટે કરો છો? આપ તુષ્ટમાન થાઓ , તો જ હે જગનાથ ! મને સુખ થાય તેમ છે.**

## : શ્રી સુવિધિનાથ સ્વામીનું સ્તવન :

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરૂ તુમને દિલમાં લાવું રે,
કુણને એ દીજે શાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે. ૧.

**હે સુવિધિનાથ જિનેશ્વરદેવ ! હું નાનો છતાં આપના મનમાં સમાઈ શકતો નથી. પણ હે જગદગુરુ ! આપ મહાન છતાં આપને હું મારા હૃદયમાં સ્થાપી શકું છું, તો આ બાબતમાં શાબાશી કોને આપવી ? મને કે આપને ?**

મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી રે,
તેહ દરીનો તું છે માજી રે,
યોગી પણ જે વાત ન જાણે રે,
તેહ અચરિજ કુણથી હુઓ ટાણે રે. ૨

**હે જિનરાજ ! મારા મનનો પ્રત્યેક અણુ આપની ભક્તિમાં ઓતપ્રોત છે.**

**મારા આ મનરૂપી હોડીના આપ એટલે સુકાની છો. તો પછી યોગી પુરુષને અગમ્ય એવું આશ્ચર્ય કોનાથી થયું ?**

અથવા થિરમાંહી અથિર ન માવે રે,
મ્હોટો ગજ દર્પણમાં આવે રે,
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે,
તેહને દીજે એ સાબાશી રે. ૩

**હે પ્રભુ ! સ્થિરમાં, અસ્થિર સ્થાન ન જ પામે એ સાચું છે. મોટો હાથી દર્પણમાં આવી શકે છે તે મેં જોયું છે.**

**એટલે જેના પ્રભાવથી મારામાં આ સમજ જાગી તે પ્રભુ જ વિસ્મયકારક આ ઘટના માટે શાબાશીને પાત્ર છે.**

ઊર્ધ્વ મૂળ તરુઅર અધ શાખા રે,
છંદ પુરાણે એહવી ભાષા રે,
અચરિજવાળે અચરિજ કીધું રે,
ભક્તે સેવક કારજ સીધું રે. ૪

**છંદ પુરાણમાં વૃક્ષનું મૂળ ઊંચું અને શાખાઓ નીચી છે એમ કહ્યું છે.**

**આશ્ચર્યવાળાએ આશ્ચર્ય કર્યું છે. પણ આ તો પ્રભુની ભક્તિથી સેવકનું કાર્ય સિદ્ધ થયું છે.**

લાડ કરી જે બાળક બોલે રે,
માતાપિતા મન અમીયને તોલે રે,
શ્રી નયવિજય વિબુધનો શિશો રે,
યશ કહે ઈમ જાણો જગદીશો રે. ૫

**શ્રી નયવિજય પંડિતના શિષ્ય યશોવિજય કહે**

**છે કે, બાળક લાડ કરીને માતા-પિતા સમક્ષ જે બોલે છે, તે તમને અમૃત તુલ્ય લાગે છે, તેમ હે જગદીશ ! મારી આ વાતોને પણ આપ એ રીતે જાણજો.**

## : શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન :

શ્રી શીતલજિન ભેટીએ,
કરી ભક્તે ચોખું ચિત્ત હો,
તેહથી કહો છાનું કીશ્યું,
જેહને સોંપ્યા તન-મન-વિત્ત હો, શ્રી શીતલ ૧

**ભક્તિ વડે ચિત્તને નિર્મળ કરી આપણે શ્રી શીતલનાથ સ્વામીને ભેટીએ. જેમને તન-મન-ધન સોંપ્યાં. તેનાંથી શું ગુપ્ત હોઈ શકે?**

દાયક નામે છે ઘણા,
પણ તું સાયર તે કૂપ હો,
તે બહુ ખજવા તગતગે,
તું દિનકર તેજ સ્વરૂપ હો. શ્રી શીતલ ૨

**હે જિનેશ્વર દેવ ! દુનિયામાં દાતાનું નામ ધરાવનારાં ઘણાં છે, પણ તે સર્વમાં સાગર સમાન તો એક આપ જ છો. એ બધા તો કુવા જેવા છે. સહેજ ઝગારો મારીને લુપ્ત થનારા આગીઆ જેવા છે. જ્યારે આપ તો સૂર્ય જેવા તેજસ્વી છો.**

મ્હોટો જાણી આદર્યો,
દારિદ્ર ભાંજો જગતાત હો,
તું કરૂણાવંત શિરોમણિ,
હું કરૂણાપાત્ર વિખ્યાત હો. શ્રી શીતલ. ૩

**હે જગત તાત શ્રી જિનેશ્વરદેવ ! મેં આપને સર્વ સામર્થ્યવાન જાણીને સ્વીકાર્યા છે. તો આપ મારી દરિદ્રતા દૂર કરી દ્યો.**

**આપ દયાળુઓમાં સર્વશ્રેષ્ઠ છો તો હું દયાપાત્ર આત્માઓમાં વિખ્યાત એવો દયાપાત્ર છું.**

અંતર જામી સવિ લહો,
અમ મનની જે છે વાત હો,
મા આગળ મોસાળના
શા વરણવવા અવદાત હો. શ્રી શીતલ. ૪.

**હે અંતર્યામી પ્રભુ ! મારા મનની દરેક વાત આપ જાણો જ છો. મા આગળ મોસાળની હકીકત જાણીતી જ હોય છે.**

જાણો તો તાણી કિસ્યું,
સેવા ફળ દીજે દેવ હો,
વાચક યશ કહે શીતલની,
એ ન ગમે મુજ મન ટેવ હો. શ્રી શીતલ. ૫.

**હે દેવાધિદેવ ! આપ બધું જાણો છો તો પછી તાણી કેમ રાખો છો ? હે નાથ ! આપની સેવાનું જે કાંઈ ફળ હોય તે મને આપો. ઢીલ કરવાની આપની જે ટેવ છે તે મને ગમતી નથી.**

## : શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન :

તુમે બહુમિત્રી રે સાહેબા,
મારે તો મન એક,
તુમ વિના બીજો રે નવિ ગમે,
એ મુજ મ્હોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. ૧.

**હે શ્રેયાંસનાથ પ્રભુ ! આપ બહુ મિત્રોવાળા છો, પણ મારે મન તો આપ એક જ છો.**

**એક આપ સિવાય બીજા કોઈ સ્થાને મારું મન ઠરતું નથી.**

**એટલે એક આપને જ ભજતા રહેવાની મારી ટેકને કૃપા કરીને આપ ચિરંજીવી બનાવજો.**

મન રાખો તુમ સવિ તણાં,
પણ કીહાં એક મળી જાઓ,
લલચાવો લખ લોકને,
સાથી સહજ ન થાઓ. શ્રી શ્રેયાંસ. ૨.

**હે નાથ ! આપ સર્વજનોનાં મન સાચવો છો, પણ કોઈકની સાથે જ એકરૂપ થઈ જાઓ છો. લાખો લોકોને આપ લલચાવો તો છો. પણ સહેજમાં એના સાથીદાર નથી બનતા.**

રાગ ભરે જન મન રહો,
પણ તિહું કાલ વૈરાગ,
ચિત્ત તુમારા રે સમુદ્રનો,
કોઈ ન પામે રે તાગ, શ્રી શ્રેયાંસ ૩

**હે પ્રભુ ! રાગથી ભરેલા માણસોના મનમાં આપ વસો છો, છતાં ત્રણે કાળ આપ વિરાગી રહો છો. આવા આપના ચિત્તરૂપ સમુદ્રનો પાર, કોઈ પામી શકતું નથી.**

એવા શું ચિત્ત મેળવ્યું,
કેળવ્યું પહેલાં ન કાંઈ,
સેવક નિપટ અબુઝ છે,
નિર્વહશો તુમે સાંઈ, શ્રી શ્રેયાંસ. ૪

**(અપાર પસ્તાવા સાથે એકરાર કરતાં પૂ. ઉપાધ્યાયજી ભગવંત ભગવાનને કહે છે કે, હે પ્રભુ ! મેં મારું ચિત્ત પણ સરાગી સાથે જોડ્યું. પણ તેને અગાઉ કેળવ્યું નહિ. આ બાબતમાં આ સેવક સાવ અજાણ છે તેનો હે પ્રભુ ! આપ નિભાવ કરશો.**

નિરાગીશું રે કિમ મલે ?
પણ મળવાનો એકાંત,
વાચક યશ કહે મુજ મિલ્યો,
ભક્તિ એ કામણ તંત. શ્રી શ્રેયાંસ. ૫

**રાગી એવો જીવ નિરાગીને શી રીતે મળી શકે? (એવો પ્રશ્ન ભલે કોઈ કરે.) પણ હું તો તમને અચૂક મળવાનો જ છું.**

**વાચક યશ (પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ) કહે છે કે, મને તો પ્રભુ મળી જ ગયા છે. પ્રભુને વશ કરવા માટે ભક્તિ એ જ કામણ છે. એ વાત મને બરાબર સમજાઈ ગઈ છે. અને**

**તેથી ભક્તિ વડે હું પ્રભુને અભેદ ભાવે મળવાનો જ છું.**

**: શ્રી વાસુપૂજ્ય સ્વામીનું સ્તવન :**

સ્વામી તુમે કાંઈ કામણ કીધું,
ચીતડું અમારું ચોરી લીધું,
અમે પણ તુમશું કામણ કરશું,
ભક્તે ગ્રહી મન-ઘરમાં ધરીશું.
સાહેબા વાસુપૂજ્ય જિણંદા,
મોહના વાસુપૂજ્ય જિણંદા, સાહેબા. ૧

**હે સ્વામી ! હે વાસુપૂજ્ય જિનેન્દ્ર ! હે મનમોહન વાસુપૂજ્ય પ્રભુ ! અમારા ઉપર આપે કાંઈ કામણ કર્યું અને અમારું મન ચોરી લીધું. તો હવે અમે પણ આપના ઉપર કામણ કરીશું અને ભક્તિ વડે આપને વશ કરી અમારા મનરૂપી ઘરમાં ધારણ કરીશું.**

મન ઘરમાં ધરીયા ઘર શોભા,
દેખત નિત્યો રહેશો થિર શોભા,

મન-વૈકુંઠ અકુંઠિત ભક્તે,
યોગી ભાખે અનુભવ યુક્તે, સાહેબા. ૨.

**હે વહાલા જિનેશ્વરદેવ ! અમારા મનરૂપી ઘરની સુંદરતા જોઈને આપ ત્યાં નિરંતર વાસ કરીને સ્થિર થશો.**

**અસ્ખલિત ભક્તિવાળું મન તે જ વૈકુંઠ છે, એમ યોગીજનો પોતાના અનુભવથી કહે છે.**

કલેશે વાસિત મન સંસાર,
કલેશ રહિત મન તે ભવપાર,
જો વિશુદ્ધ મન-ઘર તુમે આવ્યા,
તો અમે નવનિધિ ઋદ્ધિ પાયા, સાહેબા. ૩

**કષાયથી વાસિત મન એ જ સંસાર છે. અને કષાય રહિત મન એ જ મોક્ષ છે.**

**હે પ્રભુ ! જો અમારા વિશુદ્ધ મનરૂપી ઘરમાં આપ પધારો, તો નવનિધિની સંપત્તિ અમને પ્રાપ્ત થઈ એમ અમે માનશું.**

સાત રાજ અળગા જઈ બેઠા,
પણ ભગતે અમ મનમાંહે પેઠા,
અળગાને વળગ્યા જે રહેવું,
તે ભાણા ખડખડ દુઃખ સહેવું, સાહેબા.૪

**હે પ્રભુ ! આપ અહીંથી સાત રાજલોક જેટલા અંતરે જઈને બેઠા છો. એટલે એમ લાગે છે કે છેટે રહેલાને પરાણે વળગતા જવું તે ભાણા ખડખડનું દુઃખ સહન કરવા જેવું છે.**

ધ્યાતા-ધ્યેય-ધ્યાનગુણ એકે,
ભેદ-છેદ કરશું હવે ટેકે,
ક્ષીર-નીર પરે તુમશું મળશું,
વાચક યશ કહે હેજે હળશું. સાહેબા. ૫

**હે પ્રભુ ! ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા દ્વારા અમારા અને તમારા વચ્ચે જે ભેદ છે તેનો હવે નાશ કરીશું. અને દૂધ અને પાણીની પેઠે અમે આપની સાથે એકરૂપ થઈ જઈશું.**

## : શ્રી વિમલનાથ સ્વામીનું સ્તવન :

સેવો ભવિયા ! વિમલ જિણેસર,
દુલ્લહા સજ્જન સંગાજી,
એવા પ્રભુનું દરિસન લેવું તે,
આળસમાંહે ગંગાજી. સેવો. ૧

**હે ભવ્ય જનો ! તમે શ્રી વિમળનાથ જિનેશ્વરદેવને સેવો. કારણ કે સજ્જનનો સંગ થવો દુર્લભ છે. અને આપણને એવા દુર્લભ પ્રભુના દર્શનની પ્રાપ્તિ થવી તે આળસમાં રહ્યા છતાં ગંગાજીની પ્રાપ્તિ થવા તુલ્ય છે.**

અવસર પામી આળસ કરશે,
તે મૂરખમાં પહેલોજી,
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં,
હાથ ન માંડે ઘેલોજી. સેવો. ૨

**ભૂખ્યા માણસને બોલાવીને કોઈ કહે, લે ભાઈ ! આ ઘેબર, ત્યારે બે હાથ ધરવાને બદલે તે ચાલતો જ થાય તો તે જ મૂર્ખ શિરોમણી**

**ગણાય તેવી જ રીતે આંગણે આવેલા અવસરને એળે ગુમાવી દેનારો માણસ તેનાથી પણ વિશેષ મૂર્ખ શિરોમણિ જ ગણાય.**

ભવ અનંતમાં દરિસન દીઠું,
પ્રભુ એહવા દેખાડેજી,
વિકટ ગ્રન્થી જે પોળ પોળિયો,
કર્મ વિવર ઉઘાડે જી. સેવો. ૩

**અનંત ભવ પસાર થયા પછી આજે પ્રભુનું દર્શન પ્રાપ્ત થયું.**

**આ સંસારના વિકટ પંથમાં ભમતાં શ્રી જિનશાસનરૂપી મંદિરની પોળ, કર્મવિવર નામે દ્વારપાળ ઉઘાડે ત્યારે સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય અર્થાત્ તે દ્વારપાળ દ્વાર ઉઘાડીને પ્રભુનું દર્શન કરાવે.**

તત્ત્વ પ્રીતિકર પાણી પાએ,
વિમલાલોકે આંજીજી,

લોયણ-ગુરૂ પરમાન્ન દીએ તવ,
ભ્રમ નાંખે સવિ ભાંજી જી. સેવો. ૪.

**(કર્મ રસ્તો આપે છે. એટલે જીવ શ્રી જિનશાસનરૂપ મંદિરમાં દાખલ થાય છે.) ત્યાં તેને ઉપકારી ગુરૂ શુદ્ધ શ્રદ્ધારૂપ તત્ત્વપ્રીતિકર પાણી પાય છે, તે પછી સમ્યગ્ જ્ઞાનરૂપ વિમલાલોક નામે અંજન તેની આંખમાં આંજે છે અને તે પછી તેને સમ્યક્ ચારિત્રરૂપ પરમાન્નનું ભોજન કરાવે છે. એટલે તેના (તે જીવના) બધા ભ્રમ (વિપરીત ધારણાંઓ, માન્યતાઓ આદિ) ભાંગી જાય છે.**

ભ્રમ ભાંગ્યો તવ પ્રભુશું પ્રેમે,
વાત કરૂં મન ખોલી જી,
સરળતણે જે હઈડે આવે,
તેહ જણાવે બોલી જી. સેવો. ૫

**(ઉપર જણાવ્યા પ્રમાણે) મારો ભ્રમ ભાંગી ગયો છે એટલે હું પ્રભુ સાથે મન ખોલીને વાત કહું**

**છું. કારણ કે સરળ હૃદયવાળા જે જે હકીકત સાંભરી આવે, તે-તે જણાવી દેતો હોય છે.**

શ્રી નયવિજય વિબુધ પય સેવક,
વાચક યશ કહે સાચું જી,
કોડી કપટ જો કોઈ દિખાવે,
તોહિ પ્રભુ વિણ નવિ રાચું જી. સેવો. ૬

**શ્રી નયવિજય પંડિતના ચરણ સેવક વાચક યશ (ઉપા. યશોવિજયજી) સાચું કહે છે કે જો કોઈ મને કોડોગમે કપટ ક્રિયા બતાવે, તો પણ હું પ્રભુ વિના બીજા કોઈમાં રાચું નહિ.**

## : શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન :

શ્રી અનંત જિન શું કરો, સાહેલડીયાં,
ચોળ મજીઠનો રંગ રે, ગુણ વેલડીયાં,
સાચો રંગ તે ધર્મનો, સાહેલડીયાં,
બીજો રંગ પતંગ રે, ગુણવેલડીયાં. ૧

**હે સન્મિત્રો ! તમે શ્રી અનંતનાથ જિનેશ્વરદેવ સાથે મજીઠના રાતાચોળ રંગ જેવો પાકો પ્રેમ કરો.**

**હે ગુણના વેલારૂપ સજ્જનો ! ધર્મનો રંગ તે સાચો રંગ છે. તે સિવાયનો બીજો રંગ, પતંગના રંગ જેવો કાચો છે.**

ધર્મરંગ જીરણ નહિ, સાહેલડીયાં,
દેહ તે જીરણ થાય રે, ગુણવેલડીયાં,
સોનું તે વિણસે નહિ, સાહેલડીયાં,
ઘાટ-ઘડામણ જાય રે, ગુણવેલડીયાં. ૨

**હે સજ્જનો ! દેહ જીર્ણ થાય છે, પણ દેહી એવા આત્માના સ્વભાવભૂત ધર્મનો રંગ જીર્ણ થતો નથી.**

**વેલની જેમ વિસ્તરતા જતા હે ગુણવાનો ! જેમ સોનાનો ઘાટ બદલાય છે તો પણ સોનું નાશ પામતું નથી તેમ દેહ અને આત્મા વિશે જાણો.**

ત્રાંબું જે રસવેધીયું સાહેલડીયાં,
તે હોય જાચું હેમ રે ગુણવેલડીયાં,

ફરી ત્રાંબુ તે નવિ હુએ સાહેલડીયાં,
હુવો જગગુરૂ પ્રેમ રે. ગુણવેલડીયાં. ૩

**જે ત્રાંબુ સુવર્ણ સિદ્ધિના રસથી વેધાય છે, તે વિશુદ્ધ સુવર્ણરૂપ બની જાય છે અને તેનું ફરી ત્રાંબું નથી થતું તેવો જગગુરૂ શ્રી જિનેશ્વરદેવ ઉપરનો પ્રેમ પણ સમજવો.**

ઉત્તમ ગુણ અનુરાગથી સાહેલડીયાં,
લહીએ ઉત્તમ ઠામ રે, ગુણવેલડીયાં,
ઉત્તમ નિજ મહિમા વધે સાહેલડીયાં,
દીપે ઉત્તમ ધામ રે. ગુણવેલડીયાં. ૪

**હે વહાલા મિત્રો ! ઉત્તમ પુરુષના ગુણ ઉપર પ્રીતિ રાખવાથી આપણેઉત્તમ સ્થાન પ્રાપ્ત કરી શકીએ અને તેથી પોતાનો મહિમા ઉત્તમ રીતે વધે છે. અને પ્રાપ્ત થયેલું ઉત્તમ સ્થાન શ્રેષ્ઠ રીતે દીપે છે.**

ઉદક-બિંદુ સાયર ભળ્યો, સાહેલડીયાં,
જિમ હોય અખય અભંગ રે, ગુણવેલડીયાં

વાચક યશ કહે પ્રભુ ગુણે, સાહેલડીયાં,
તિમ મુજ પ્રેમ પ્રસંગ રે, ગુણવેલડીયાં.૫

**પ.પૂ. શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે સાગરમાં મળી ગયેલું જળનું ટીપું અક્ષય અને અખંડ બની જાય છે, તેવી જ પ્રભુગુણ ઉપરના મારા પ્રેમની સ્થિતિ છે.**

## : શ્રી ધર્મનાથ સ્વામિનું સ્તવન :

થાસું પ્રેમ બન્યો છે રાજ,
નિર્વહશો તો લેખે,
મેં રાગી, થેં છો નિરાગી,
અણજુગતે હોય હાંસી,
એક પખો જે નેહ નિર્વહવો,
તેમાં કી સાબાશી. થાસું. ૧.

**હે શ્રી ધર્મનાથ સ્વામી ! આપની સાથે મારે જે પ્રીત થઈ છે તે પ્રીતને જો આપ નીભાવશો તો તે સફળ થશે.**

**હું રાગી છું અને આપ નિરાગી છો, તેવી આ અયોગ્ય ઘટનાથી લોકોમાં હાંસી થાય તેવું છે,પરંતુ એકતરફી સ્નેહ રાખવામાં મારી શાબાશી છે.**

નિરાગી સેવે કાંઈ હોવે ?
એમ મનમાં નવિ આણું,
ફળે અચેતન પણ જેમ સુરમણિ,
તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાસું. ૨

**નિરાગીની સેવા કરવાથી શું ફળ મળે? એ પ્રશ્નને હું મનમાં દાખલ થવા દેતો નથી. ચેતનારહિત એવો સુરમણિ (ચિંતામણીરત્ન) પણ જેમ ફળ આપે છે તેમ આપની ભક્તિ પણ ફળ આપશે એમ હું દૃઢપણે માનું છું.**

ચંદન શીતલતા ઉપજાવે,
અગ્નિ તે શીત મિટાવે,
સેવકના તિમ દુઃખ ગુમાવે,
પ્રભુગુણ પ્રેમ સ્વભાવે, થાસું.૩

**જેમ ચંદન પોતાના સ્વભાવથી શીતળતા ઉત્પન્ન કરે છે. અગ્નિ ટાઢને દૂર કરે છે, તેમ પ્રભુના ગુણનો પ્રેમ, સ્વાભાવિક રીતે જ સેવકનાં દુઃખો દૂર કરે છે.**

વ્યસન ઉદય જે જલધિ અનુહરે,
શશીને તેજ સંબંધે,
અણ સંબંધે કુમુદ અનહરે,
શુદ્ધ સ્વભાવ પ્રબંધે, થાસું. ૪

**હે પ્રભુ ! ચન્દ્રમા સાથેના સંબંધને લીધે સમુદ્ર-ચન્દ્રના કષ્ટ (અસ્ત) અને ઉદય સમયે તેને અનુસરે છે, પરંતુ કુમુદ પુષ્પ તો પોતાના શુદ્ધ સ્વભાવને લીધે જ (સંબંધ વગર જ) ચન્દ્રને અનુસરે છે.**

દેવ અનેરા તુમથી છોટા,
થેં જગમાં અધિકેરા,
યશ કહે ધર્મ જિનેશ્વર ! થાસું,
દિલ માન્યા હે મેરા. થાસું. ૫

**હે ધર્મનાથ જિનેશ્વરદેવ ! દેવો તો જગતમાં ઘણાય છે. પણ દેવાધિદેવ તો આપ એક જ છો. એટલે મારા દિલે આપને હૃદયેશ્વર તરીકે સ્વીકારી લીધા છે.**

## : શ્રી શાન્તિનાથ સ્વામીનું સ્તવન :

ધન દિન વેળા, ધન ઘડી તેહ,
અચિરારો નંદન જિન જદિ ભેટશું જી,
લહીશું રે સુખ, દેખી મુખચંદ,
વિરહ વ્યથાના દુઃખ સવિ મેટશું જી. ૧

**તે દિવસ, તે ઘડી અને તે સમય અમારા જીવનનો ધન્ય દિવસ, ધન્ય ઘડી અને ધન્ય સમય ગણાશે કે જ્યારે અમે શ્રી અચિરા માતાના નંદન શ્રી શાન્તિનાથ પ્રભુને ભેટીશું, તેમના વદનરૂપી ચન્દ્રનું દર્શન કરીને સુખ પામીશું અને તેમના વિરહને કારણે જન્મેલી સઘળી વ્યથાને દૂર કરીશું.**

જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,
બીજા રે રસ તેહને મન નવિ ગમેજી,

ચાખ્યો રે જેણે અમી લવલેશ,
બાકસ બુકસ તસ ન રૂચે કીમેજી. ૨.

**હે જિનેશ્વરદેવ ! જેણે આપના ગુણોને અંશથી પણ જાણ્યા છે, તેને બીજા રસ ગમતા નથી, જેણે અમીરસનો એક ઘુંટડો પણ ભર્યો હોય, તેને બીજા બાક્સ બુક્સ (તુચ્છ) રસ કોઈ પણ રીતે પંસદ પડતા નથી.**

તુજ સમક્તિ રસ સ્વાદનો જાણ,
પાપ કુ ભક્ત બહુ દિન સેવિયું જી,
સેવે જો કર્મને જોગે તો હિ,
વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યું જી. ૩.

**હે પ્રભુ ! આપના સમ્યકત્વ રસના જાણનારા એવા મેં પાપરૂપી માઠું ભોજન બહું સેવ્યું. તેને કદાચ કર્મયોગે ફરી પણ સેવવાનો વખત આવે, તો પણ આત્માના પ્રથમ ગુણ તરીકે ગણાયેલા સમક્તિ ગુણરૂપી અમૃતની પ્રાપ્તિની ઈચ્છા તો આ જીવને અવશ્ય રહેવાની.**

તાહરૂં ધ્યાન તે સમક્તિ રૂપ,
તેહી જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી,
તેહથી જાયે સઘળાં હો પાપ,
ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોયે પછે જી. ૪.

**હે જિનેશ્વરદેવ ! આપનું ધ્યાન તે જ સમક્તિ રૂપ છે. તે જ જ્ઞાન છે અને ચારિત્ર પણ તે જ છે. તેનાથી સઘળાં પાપ દૂર થાય છે અને પરિણામે ધ્યાતા ધ્યેય સ્વરૂપ (પરમાત્મપણા) ને પામે છે.**

દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરેજી,
તાહરી ગત તું જાણે હો દેવ,
સ્મરણ,ભજન તે વાચક યશ કરેજી. ૫

**હે પરમાત્મા ! આપનું અદ્‌ભુત સ્વરૂપ નિહાળીને ભવ્ય જીવ અરૂપી પદ મેળવે છે તે આશ્ચર્ય છે. હે દેવાધિદેવ ! આ બાબતમાં આપની કળા આપ જ જાણો ! હું યશોવિજય ઉપાધ્યાય તો માત્ર આપનું જ સ્મરણ-ભજન કરી જાણું છું.**

## : શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન :

સાહેલાં હે કુંથુ જિનેશ્વરદેવ,
રત્નદીપક અતિ દીપતો હો લાલ,
સાહેલાં રે મુજ મનમાંહે,
આવે જો અરિબળ જીપતો હો લાલ. ૧.

સાહેલાં હે મિટે તો મોહ અંધકાર,
અનુભવ તેજે જળહળે હો લાલ,
સાહેલાં હે ધૂમ કષાય ન રેખ,
ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ. ૨

**હે સહૃદયી મિત્રો ! શ્રી કુંથુનાથ જિનેશ્વરદેવ અતિ પ્રકાશિત રત્નદીપક છે.**

**રત્નદીપકરૂપ તે પ્રભુ જો મારા મન મંદિરમાં ઘાતી કર્મરૂપ શત્રુઓના બળને જીતતા નષ્ટ કરતા પધારે તો-મારા મન-મંદિરમાંથી મોહરૂપી અંધકાર દૂર થાય અને આત્માનુભવનું તેજ ઝળહળી ઉઠે.**

**તે રત્નદીપકમાં કષાયરૂપી ધૂમાડાની ઝીણી એક રેખા પણ નથી, તેથી સચ્ચારિત્રરૂપી ચિત્રામણ જરાય મલિન થતું નથી.**

સાહેલાં હે પાત્ર કરે નહિ હેઠ,
સૂરજ તેજે નવિ છીપે હો લાલ;
સાહેલાં હે સર્વ તેજનું તેજ;
પહેલાંથી વાધે પછે હો લાલ. ૩

**હે સન્મિત્રો ! આ રત્નદીપકની નીચે આધારરૂપે પાત્રની જરૂર નથી.**

**આ દીપકના પ્રકાશને, સૂર્યનો પ્રકાશ ઢાંકી શકતો નથી. જગતના સર્વ તેજનાં પણ તેજરૂપ આ દીપકનો પ્રકાશ હોવાથી તે પહેલાં અને પછી વધેલો જ હોય છે.**

સાહેલાં હે જેહ ન સમીરને ગમ્ય,
ચંચળતાં જે નવિ લહે હો લાલ,
સાહેલાં હે જે સદા છે રમ્ય,
પૃષ્ઠ ગુણે નવિ કૃશ રહે હો લાલ. ૪

**આ રત્નદીપકને પવન સ્પર્શ કરી શકતો નથી માટે સદા સ્થિર રહે છે. વળી એની કાન્તિ સદા એકસરખી રમ્ય રહે છે તેમજ પાછળના ભાગમાં ગુણથી વાટથી પાતળો પડતો નથી.**

સાહેલાં હે પુદ્‌ગલ તેલ ન ખેય,
જેહ ન શુદ્ધ દશા દહે રે લાલ;
સાહેલાં હે શ્રી નયવિજય સુશિષ્ય,
વાચક યશ ઈણી પરે કહે રે લાલ. ૫

**હે મિત્રો ! આ રત્નદીપકમાં પૌદ્‌ગલિક તેલ પૂરવું પડતું નથી. આ રત્નદીપક શુદ્ધ દશાનું દહન કરતો નથી. એમ શ્રી નયનવિજયજીના સુશિષ્ય શ્રી યશોવિજયજી કહે છે.**

**: શ્રી અરનાથ સ્વામીનું સ્તવન :**

શ્રી અરજિન ભવજલનો તારૂ,
મુજ મન લાગે વારૂ રે, મનમોહન
બાંહ્ય ગ્રહી ભવિજનને તારે,
આણે શિવપુર આરે રે મન. ૧

**સંસાર-સમુદ્રથી તારનારા શ્રી અરનાથ જિનેશ્વરદેવ મારા મનને બહુ વહાલા લાગે છે એટલે હું તેમને મનમોહનસ્વામી કહીને બોલાવું છું.**

**તેઓ શ્રી બાંહ્ય પકડીને ભવ્ય જીવોને તારે છે અને કાંઠે લાવી મોક્ષનગરે પહોંચાડે છે.**

તપ જપ મોહ મહા તોફાને,
નાવ ન ચાલે માને રે, મનમોહન;
પણ નવિ ભય મુજ હાથોહાથે,
તારે છે તે સાથે રે મન. ૨

**મોહગર્ભિત તપ-જપ આત્માની નાવને હાલકડોલક કરીને આગળ વધવા દેતા નથી પણ મને એ ભય નથી. કારણ કે હાથોહાથ તારનાર મારી સાથે છે.**

ભક્તને સ્વર્ગ સ્વર્ગથી અધિકું,
જ્ઞાનીને ફળ દેઈ રે, મનમોહન,
કાયા કષ્ટ વિના ફળ લહીએ,
મનમાં ધ્યાન ધરેઈ રે મન. ૩

**ભક્તિનો યથાર્થ હેતુ જાણ્યા વિના ભક્તિ કરનાર ભક્તને વધારેમાં વધારે સ્વર્ગનું સુખ મળે અને ભક્તિ કરવાનો યથાર્થ હેતુ સમજીને જે ભક્તિ કરે છે-એવા જ્ઞાની ભક્તને પ્રભુ સ્વર્ગથી અધિક એવું મોક્ષરૂપી ફળ આપે છે.**

જે ઉપાય બહુવિધની રચના,
યોગમાયા તે જાણો રે, મનમોહન;
શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય ધ્યાને,
શિવ દીએ પ્રભુ સપરાણો રે. મન. ૪

**અજ્ઞાની જીવો મોક્ષ મેળવવા માટે અનેક પ્રકારના જે ઉપાયો અજમાવે છે, તે બધા મિથ્યા યોગ છે.**

પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા,
અળગા અંગ ન સાજા રે, મનમોહન,
વાચક યશકહે અવર ન ધ્યાઉં,
એ પ્રભુના ગુણ ગાઉં રે, મન. ૫.

મોક્ષપદની પ્રાપ્તિ માટે જેઓએ પ્રભુના ચરણનું અવલંબન લીધું છે તેઓ તાજા રહ્યા છે.

જેઓ પ્રભુથી અળગા થયા છે તેઓનાં આત્મવિશુદ્ધિરૂપ એકેય અંગો સાજાં રહેતાં નથી.

એટલે બીજે ક્યાંય મન પરોવ્યા સિવાય હું તો એક વીતરાગ દેવના જ ગુણ ગાઉં છું એમ શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે.

## : શ્રી મલ્લીનાથ સ્વામીનું સ્તવન :

તુજ મુજ રીઝની રીઝ,
અટપટ એહ ખરીરી;
લટપટ નાવે કામ,
ખટપટ ભાંજ પરીરી. ૧

હે જિનેશ્વરદેવ ! તારી અને મારી રીઝનો મેળ થવો એ ખરેખર મુશ્કેલ વાત છે. એમાં ખુશામત કામ આવતી નથી. માટે આપ આ ખટપટને ભાંગી નાંખો.

મલ્લીનાથ તુજ રીઝ,
જન રીઝે ન હુએરી;
દોય રીઝણનો ઉપાય,
સામું કા ન જુએરી ? ૨

**હે મલ્લીનાથ પ્રભુ ! લોકો રીઝે એટલા માત્રથી આપ રીઝતા નથી. પણ આપ અને લોકો બંને રીઝે એવો એક ઉપાય છે અને તે એ કે આપ મારા સામે જુઓ !**

દુરારાધ્ય છે લોક,
સહુને સમ ન શશીરી;
એક દૂહવાએ ગાઢ,
એક જો બોલ હસી રી. ૩

**લોકો મુશ્કેલીથી વશ થઈ શકે એવા છે. કેમકે સહુને ચન્દ્રમા સમાન હોતો નથી. તેથી એક હસીને બોલે છે, તો બીજો અત્યંત નારાજ થઈ જાય છે.**

લોક લોકોત્તર વાત,
રીઝ છે દોય જૂઈરી;
તાત ચક્ર ધુર પૂજ્ય,
ચિંતા એહ હુઈરી. ૪

**લોક રીઝ અને લોકોત્તર-રીઝ એ બંને જુદી જુદી છે.**

**આ જ કારણથી ભરત ચક્રવર્તીને પ્રથમ તાત પૂજ્ય કે ચક્ર ? એવી ચિંતા થઈ હતી.**

રીઝવવો એક સાંઈ,
લોક તે વાત કરે રી;
શ્રી નયવિજય સુશિષ્ય,
એહી જ ચિત્ત ધરે રી. ૫

**માટે મારે પણ પ્રભુને જ રીઝવવા છે. લોકો ભલે ઠીક લાગે તેવી વાતો કરે. આજ મારો નિશ્ચય છે. એમ પૂ. શ્રી નયવિજયજીના સુશિષ્ય (પૂ. ઉપા. શ્રી યશોવિજયજી) કહે છે.**

## : શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન :

મુનિસુવ્રત જિન વંદતાં,
અતિ ઉલ્લસિત, તન-મન થાય રે;
વદન અનોપમ નિરખતાં,
મારાં ભવભવનાં દુ:ખ જાય રે.
મારાં ભવભવનાં દુ:ખ જાય જગત ગુરૂ
જાગતો સુખકંદ રે,
સુખકંદ અમંદ આણંદ,
પરમગુરુ દીપતો સુખકંદ રે. ૧

**શ્રી મુનિસુવ્રત જિનેશ્વરદેવને વંદન કરવાથી તન અને મન હર્ષથી ઉભરાઈ જાય છે. પ્રભુના અનુપમ વદનને નિરખતાં મારા ઘણાં ભવોનાં સંચિત કર્મો દૂર થાય છે.**

**જેમનાં દર્શનથી મારા ભવોભવનાં દુ:ખો દૂર થાય છે તે પ્રભુ સુખના કંદ છે, પરમ આનંદસ્વરૂપ છે. પરમ ગુરૂ પદે દીપી રહ્યા છે.**

નિશદિન સૂતાં જાગતાં,
હઈડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ,
તવ ઉપજે આનંદપૂર રે. ત.સુ. ૨

**એ પ્રભુ રાત-દિવસ, સૂતાં-જાગતાં પણ હૃદયથી દૂર થતાં નથી. અને જ્યારે એ પ્રભુના ઉપકારો યાદ કરું છું. ત્યારે અત્યંત આનંદ પ્રકટ થાય છે.**

પ્રભુ ઉપકાર-ગુણે ભર્યા,
મન અવગુણ એક ન સમાય રે;
ગુણ ગુણ અનુબંધી હુઆ,
તે તો અક્ષય ભાવ કહાય રે. તે. જ. સુ. ૩

**પ્રભુ ઉપકાર ગુણથી ભરેલા છે, તેથી તેમના મનમાં એક પણ અવગુણ સ્થાન મેળવી શકે તેમ નથી. અને એ ગુણો, અન્ય ગુણની પરંપરાને મેળવી આપે તેવા અનુબંધવાળા છે. તે બધા ક્ષાયિકભાવવાળા જ કહેવા યોગ્ય છે.**

અક્ષય પદ દીએ પ્રેમ જે,
પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહિ,
તો અકળ અમાય અરૂપ રે. એ.જ.સુ.૪

**પ્રભુ ઉપર જે પ્રેમ કરવામાં આવે છે, તે પ્રેમ અક્ષય પદને આપે છે, કે જે અક્ષય પદ પ્રભુ સદા અનુભવી રહ્યા છે.**

**તે પદનું સ્વરૂપ એટલું ગહન છે કે વ્યંજન અને સ્વરની બનેલી વાણી દ્વારા કહી શકાય તેવું નથી પણ અનિર્વચનીય છે. અકળ છે, માપી ન શકાય તેવું છે, ચર્મચક્ષુને અગોચર છે. માત્ર અનુભવથી જ જાણી શકાય તેવું છે.**

અક્ષર થોડા, ગુણ ઘણા,
સજ્જનના તે ન લિખાય રે;
વાચક યશ કહે પ્રેમથી,
પણ મનમાંહે પરખાય રે. એ.જ.સુ.પ

પ્રભુના ગુણ ઘણા છે અને તેનું સ્વરૂપ સમજાવવા શબ્દો થોડા છે. તેથી તે ગુણો લખી શકાય તેમ નથી. યથાર્થ રીતે વર્ણવી શકાય તેમ નથી. વાચક યશ (ઉ.યશોવિજયજી) કહે છે કે જો પ્રભુ ઉપર સાચો પ્રેમ હોય તો તે ગુણો મનમાં જાણી જરૂર શકાય છે, અને અનુભવી પણ શકાય છે.

## : શ્રી નમિનાથ સ્વામીનું સ્તવન :

શ્રી નમિ જિનની સેવા કરતાં,
અલિય વિઘન સવિ દૂરે નાસે જી;
અષ્ટ મહાસિદ્ધિ નવ નિધિ લીલા,
આવે બહુ મહમૂર પાસેજી. શ્રી.૧.

શ્રી નમિનાથ જિનેશ્વરદેવની સેવા કરવાથી સર્વ પ્રકારના ખોટાં વિઘ્નો દૂર થાય છે. આઠ મહાસિદ્ધિઓ તથા નવનિધિનો વૈભવ વગેરે પાસે આવે છે.

મયમત્તા અંગણ ગજ ગાજે,
રાજે તેજી તુખાર તે ચંગાજી;
બેટા બેટી બંધવ જોડી,
લહીએ બહુ અધિકાર રંગાજી. શ્રી. ૨.

**પ્રભુની સેવા કરવાથી ઘરનાં આંગણામાં મદોન્મત્ત હાથીઓ ગર્જના કરે છે. પાણીદાર અશ્વો હેષારવ કરે છે. પુત્ર-પુત્રીઓ, બંધુની જોડી તેમજ ઊંચા અધિકારો પ્રાપ્ત થાય છે.**

વલ્લભ સંગમ રંગ લહી જે,
અણ વાલહા હોય દૂર સહેજે જી,
વાંછા તણો વિલંબ ન દૂજો,
કારજ સીઝે ભૂરી સહેજે જી. શ્રી. ૩

**પ્રભુની સેવા કરવાથી ઈષ્ટ પદાર્થોનો આનંદદાયી સંગ થાય છે. અપ્રિય-અનિષ્ટ પદાર્થો, સ્વાભાવિક રીતે જ દૂર ખસી જાય છે.**

**આ સર્વ થવામાં ફક્ત વાંછાનો જ વિલંબ હોય છે, પણ બીજા કારણે વિલંબ નથી થતો**

**અર્થાત્ ઈચ્છવાની સાથે જ સર્વ આવી મળે અને ઘણાં મોટાં કામો શીઘ્ર સિદ્ધ થાય છે.**

ચન્દ્ર કિરણ ઉજ્જવલ યશ ઉલસે,
સુરજ તુલ્ય પ્રતાપ દીપે જી;
જે પ્રભુભક્તિ કરે નિત્ય વિનયે,
તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી. શ્રી. ૪

**જે આત્મા નિત્ય વિનયપૂર્વક પ્રભુની સેવા ભક્તિ કરે છે તેનો યશ નિર્મળ ચન્દ્ર કિરણોની જેમ જગતમાં ફેલાય છે, તેનો પ્રતાપ સૂર્યની જેમ દીપી ઊઠે છે, અને એવા પ્રતાપ વડે તે, શત્રુઓને વશવર્તી બનાવે છે.**

મંગલમાલા લચ્છિ વિશાલા,
બાલા બહુલે પ્રેમરંગેજી;
શ્રી નય વિજય વિબુધ પય સેવક,
કહે લહીએ સુખ-પ્રેમ અંગેજી. શ્રી. ૫.

**શ્રી નયવિજય પંડિતના ચરણ સેવક વાચક યશ (પૂ. ઉપા. શ્રી. યશોવિજયજી મ.) કહે છે**

કે પ્રભુના પ્રેમને અંગાંગીભૂત બનાવવાથી ઘરમાં મંગળની હારમાળા પ્રગટે છે, વિશાળ લક્ષ્મી પ્રાપ્ત થાય છે તેમજ સ્ત્રી આદિ કુટુંબ પરિવાર પ્રેમપૂર્વક તેને અનુકૂળ થાય છે.

## : શ્રી નેમિનાથ જિન સ્તવન :

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં,
પશુઆં દેઈ દોષ મેરે વાલમાં;
નવ ભવ નેહ નિવારિયો રે હાં,
શો જોઈ આવ્યા જોષ ? મેરે. ૧.

**મહાસતી રાજીમતી શ્રી નેમિનાથ પ્રભુને કહે છે કે, હે પ્રાણનાથ ! પશુઓની ફરિયાદને બહાનું બનાવીને આપ ઠેઠ તોરણ સુધી આવીને રથ પાછો ફેરવીને ચાલ્યા ગયા ? મારી સાથેના નવ ભવના સ્નેહનો અંત આણ્યો ! તો આપ કેવી જાતનો જોષ જોઈને આવ્યા હતા ?**

ચન્દ્ર કલંકી જેહથી રે હાં,
રામને સીતા વિયોગ; મેરે વાલમા.
તેહ કુરંગને વયણડે રે હાં,
પતિ-આવે કુણ લોગ ? મેરે. ૨

**હે હૃદયેશ્વર ! જેનાથી ચંદ્ર કલંકિત છે. જેના નિમિત્તે રામચન્દ્રજીને સીતાજીનો વિયોગ થયો, તેવા રંગમાં ભંગ પાડનાર કુરંગ-મૃગના વચનથી આપ કેમ પાછા ફર્યા. તે વાત કોણ સાચી માને ?**

ઉતારી હું ચિત્તથી રે હાં,
મુક્તિ-ધૂતારી હેત, મેરે વાલમા;
સિદ્ધ અનંતે ભોગવી રે હાં,
તેહ શું કવણ સંકેત ? મેરે. ૩

હે સ્વામી નાથ ! આપે મનમાંથી ઉતારી દીધી તેનું કારણ એ જ છે કે અનંત સિદ્ધોએ ભોગવેલી ધૂતારી મુક્તિવધૂને મેળવવાની આપને ઈચ્છા થઈ. કોણજાણે આપે એને ગુપ્ત રીતે શો ઈશારો કર્યો હશે ? પરંતુ તે કારણે જ આપે મને તજી દીધી છે.

પ્રીત કરતાં સોહીલી રે હાં,
નિર્વહતાં જંજાળ; મેરે વાલમાં.
જેહવો વ્યાલ ખેલાવવો રે હાં,
જેહવી અગનની ઝાળ. મેરે. ૪

**હે મનમોહન ! હવે જાણ્યું કે પ્રીત કરવી એ સહેલું કામ છે. પણ તે પ્રીતને ઠેઠ સુધી નિભાવી રાખવી તે ઘણું કઠણ કામ છે. સર્પને હાથમાં રમાડવો કે અગ્નિની જવાળાને પકડવા જેવું અઘરું કામ છે.**

જો વિવાહ અવસરે દીયો રે હાં,
હાથ ઉપર નવિ હાથ; મેરે વાલમાં;
દીક્ષા અવસર દીજીએ રે હાં,
શિર ઉપર જગનાથ. મેરે. ૫

**હે જગન્નાથ ! આપે લગ્ન વખતે મારા હાથ ઉપર આપનો હાથ મૂક્યો નહિ, તો હવે આપ દીક્ષા વખતે મારા માથે હાથ મૂકવાની કૃપા કરજો.**

ઈમ વલવલતી રાજુલ ગઈ રે હાં,
નેમિ કને વ્રત લીધ; મેરે વાલમા;
વાચક યશ કહે પ્રણમીએ રે હાં,
એ દંપતી દોય સિદ્ધ; મેરે. ૬

**આ પ્રમાણે વિલાપ કરતાં રાજુલ સતી શ્રી નેમિનાથ પ્રભુ પાસે ગયાં અને તેમની પાસે દીક્ષા લીધી. વાચક યશ (ઉપા. શ્રી યશોવિજયજી) કહે છે કે એ દંપતી અંતે સિદ્ધ થયા હોવાથી આપણે તેઓને બે હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કરીએ.**

## : શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન :

વામાનંદન જિનવર મુનિ માંહે વડો રે કે મુનિમાંહે.
જિમ સુરમાંહિ સોહે સુરપતિ પરવડો રે કે સુરપતિ.
જિમ ગિરિમાંહિ સુરાચલ, મૃગમાંહે કેશરી રે કે
મૃગમાંહે.
જિમચંદન તરુમાંહિ, સુભટમાંહિ મુર અરિ રે કે
સુભટ. ૧.

**ત્રણ જગતમાં ઉપલબ્ધ સર્વશ્રેષ્ઠ ઉપમાઓ વડે પરમ કૃપાળુ શ્રી પાર્શ્વનાથ પ્રભુના સર્વશ્રેષ્ઠ તત્ત્વને પ્રણામરૂપ આ સ્તવનના અર્થ અને ભાવાર્થ એકરૂપ હોઈને તેને અહીં જુદા નથી પાડ્યા, પણ સાથે જ રાખ્યા છે. તેમ કરવા પાછળનો એક માત્ર આશય, સ્તવન કર્તા ભગવંતના હૃદયની પ્રભુભક્તિના પ્રવાહને અકબંધ રાખવાનો છે.**

નદીય માંહિ જિમ ગંગ,
અનંગ સરૂપમાં રે, અનંગ,
ફુલમાંહિ અરવિંદ,
ભરતપતિ ભૂપમાં રે, ભરતપતિ,
ઐરાવણ ગજ માંહિ,
ગરુડ ખગમાં યથા રે, ગરુડ.
તેજવંત માંહિ ભાણ,
વખાણમાંહિ જિન કથા રે, વખાણ. ૨.

**જેમ નદીઓમાં ગંગાનદી શોભે છે, સુરૂપવાન પુરુષોમાં કામદેવ શોભે છે, પુષ્પોમાં કમળનું ફુલ**

શોભે છે, રાજાઓમાં ભરત ચક્રવર્તી શોભે છે, હાથીઓમાં ઈન્દ્રનો શ્વેત ઐરાવત હાથી શોભે છે, પક્ષીઓમાં ગરુડ પક્ષી શોભે છે, તેજસ્વી પદાર્થોમાં સૂર્ય શોભે છે, વ્યાખ્યાન કથાઓમાં શ્રી જિનેશ્વર ભગવંતની કથાઓ શોભે છે,તેમ સર્વ મુનિઓમાં શ્રી તીર્થંકર પ્રભુ શોભે છે.

મંત્રમાંહિ નવકાર, રત્નમાંહિ સુરમણિ રે,રત્નમાંહિ.
સાયરમાંહિ સ્વયંભૂરમણ શિરોમણિ રે, રમણ.
શુકલધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણે રે, અતિ.
શ્રી નયવિજય વિબુધ પય સેવક ઈમ ભણે રે,સેવક. ૩

જેમ સકળ મંત્રોમાં શ્રી નવકાર મહામંત્ર સર્વશ્રેષ્ઠ છે, સકળ રત્નોમાં ચિંતામણિ સર્વશ્રેષ્ઠ છે. સર્વધ્યાનોમાં શુકલધ્યાન શ્રેષ્ઠ છે, તેમ સર્વ મુનિગણમાં શ્રી તીર્થંકર પરમાત્મા શ્રેષ્ઠ છે.એમ, શ્રી નયવિજયજી પંડિતના ચરણ કમળના સેવક (ઉપા. શ્રી યશોવિજયજી) કહે છે.

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંક કાંતાન્
કસ્તે ક્ષમ; સુરગુરૂ પ્રતિમોડપિ બુદ્ધયાઃ ।
કલ્પાંત કાલ પવનોદ્ધત નક્ર ચક્રં ।
કો વા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ્ ॥

**શ્રી ભક્તામર સ્તોત્રની આ ગાથામાં શ્રી જિનેશ્વરદેવની પરમોચ્ચતાની જે સ્તવના છે સ્વમતિની અલ્પતાનો જે એકરાર છે, તેનો જ પ્રતિઘોષ પૂજ્ય શ્રી રચિત આ સ્તવનની પ્રત્યેક ગાથામાં છે.**

**પૂરજોશમાં આવેલી નદી, ભેખડોને કાપતી આગળ વધે છે, તેમ પ્રભુની ઉપકાર-વર્ષાના અનુભવ જ્ઞાન વડે રંગાયેલા હૈયાની ભક્તિ, ભેદની ભેખડોને તોડીને આગળ વધે છે એટલે તેમાંથી પ્રભુની શ્રેષ્ઠતાના જ ગુણાનુવાદની સુવાસ ચોમેર પ્રસરે છે.**

## : શ્રી વર્ધમાન સ્વામીનું સ્તવન :

ગિરુઆ રે ગુણ તુમ તણા,
શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે,
મ્હારી નિર્મળ થાયે કાયા રે. ગિરુઆ. ૧.

**હે શ્રી વર્ધમાન જિનરાજ ! આપના ગુણો ગગનસ્પર્શી છે. તે ગુણોનું વર્ણન સાંભળવાથી મારા કર્ણદ્વયમાં જાણે અમૃત સીંચાતું હોય તેવો આનંદ થાય છે અને મારો દેહ પવિત્ર થાય છે.**

તુમ ગુણગણ ગંગાજળે,
હું ઝીલીને નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું,
નિશદિન તોરા ગુણ ગાઉં રે, ગિરુઆ ૨.

**હે દેવાધિદેવ શ્રી મહાવીર સ્વામી પરમાત્મા ! આપના અગણિત ગુણોના સમૂહરૂપ ગંગાજળમાં સ્નાન કરીને હું નિર્મળ થાઉં છું. અને રાત દિવસ**

**આપના જ ગુણો ગાઉં છું. તે સિવાય બીજો કોઈ ધંધો મને ગમતો નથી.**

ઝીલ્યા જે ગંગા જળે,
તે છીલ્લર જળ નવિ પેસે રે ?
જે માલતી ફૂલે મોહિયા,
તે બાવળ જઈ નવિ બેસે રે. ગિરુઆ. ૩

**હે વીર જિનેશ્વરદેવ ! જે મનુષ્યો ગંગા નદીના ઊંડા અને નિર્મળ નીરમાં ન્હાયા હોય તે પછી ખાબોચિયાના છીછરા અને મલિન જળમાં કેમ પેસે?**

**જે માલતીના સુગંધી પુષ્પો પર મોહિત થયા હોય તે ભમરો મલિનતા ઉભયનું બાવળ ઉપર જઈને ન જ બેસે.**

એમ અમે તુમ ગુણ ગોઠશું,
રંગે રાચ્યાં ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર આદરે,
જે પરનારી વશ રાચ્યા રે. ગિરુઆ. ૪.

હે વીતરાગ પરમાત્મા ! માલતી ફૂલમાં મુગ્ધ ભમરાની જેમ અમે પણ આપના ગુણોમાં રસપૂર્વક લીન થયેલા છીએ એટલે પરનારીને આધીન થઈને તેમાં જેઓ આસકત થયા છે તેમને કેમ સ્વીકારીએ?

તું ગતિ તું મતિ આસરો,
તું આલંબન મુજ પ્યારો;
વાચક યશ કહે માહરે,
તું જીવ જીવન આધારો રે. ગિરુઆ. ૫

હે પ્રભુ ! તું જ મારી ગતિ છો, તું જ મારી મતિ છો, તું જ મારું આશ્રયસ્થાન છો અને તું મને અત્યંત પ્યારો છે એમ કહે છે.

અને સાચા જિનભક્ત શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીના આ ઉદ્‌ગારો પ્રભુને જ જીવન જીવાડનાર કહીને સ્તવે છે.

* * *

## પ્રીતલડી બંધાણી રે....

પ્રીતલડી બંધાણી રે, અજિત જિણંદશું,
પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો,
ધ્યાનની તાળી રે લાગી નેહશું
જલદઘટા જિમ શિવસુતવાહન દાયજો. પ્રીતલડી. ॥૧॥
નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજ જો,
મારે તો આધાર રે સાહિબ રાવળો,
અંતરગતની પ્રભુ આગળ કહું ગુંજ જો, પ્રીતલડી. ॥૨॥
સાહેબ તે સાચો રે જગમાં જાણીએ,
સેવકનાં જે સહેજે સુધારે કાજ જો,
એહવે રે આચરણે કેમ કરીને રહું,
વિરુદ તમારું તારણ તરણ જહાજ જો, પ્રીતલડી. ॥૩॥
તારકતા મુજબ માંહે રે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીનદયાળ જો,
તુજ કરૂણાની લહેરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગળ કૃપાળ જો, પ્રીતલડી. ॥૪॥
કરૂણાદૃષ્ટિ કીધી રે સેવક ઉપરે,
ભવ ભય ભાવઠ ભાંગી પ્રસંગ જો,
મનવાંછિત ફળિયા રે તુજ આલંબને,
કર જોડીને મોહન કહે મનરંગ જો, પ્રીતલડી. ॥૫॥

# પ્રાર્થના

હું કરું છું પ્રાર્થના મને પ્રેમ તારો આપજે
કાંઈ ખોટું કામ કરતો હોઉં ત્યારે મને વારજે
હું કરું છું પ્રાર્થના.
જીવન છે સંગ્રામ કોઈની જીત કોઈની હાર છે
માનું છું સંસાર એ તો સુખને દુઃખનો સાર છે.
હારથી હારી ન જાઉં તેવી હિંમત આપજે.
હું કરું છું પ્રાર્થના.
ધન મળે કે ના મળે, પણ ધર્મને હું જાળવું
તારો પંથ ચુકી ના જાઉં એટલું સંભાળજે
તે છતાં ભૂલો પડુંતો સાચે રસ્તે વારજે
હું કરું છું પ્રાર્થના.
મોક્ષની ચિંતા નથી કાંઈ રાત-દિન ભકિત કરું,
તારું નામ ભૂલાય નહિ એ શ્રધ્ધા એવી આપજે.
હું કરું છું પ્રાર્થના.

- દિનેશ મસાલીઆ

# શ્રી વિજયકલાપૂર્ણસૂરી
# સાધના સ્મૃતિ મંદિરની
# પાવન પ્રતિષ્ઠા
# શંખેશ્વર

## મહાવદ ૬ રવિવાર
## તા. ૧૯-૦૨-૨૦૦૬